GJJN010004722026

રજુ તારીખ	:	૦૬/૦૩/૨૦૨૬		
દાખલ તારીખ	:	૦૬/૦૩/૨૦૨૬		
ફેસલ તારીખ	:	૧૧/૦૮/૨૦૨૬		
અવધિ	:	વર્ષ	માસ	દિવસ

==

જુનાગઢના મહે. સેશન્સ જજશ્રીની અદાલતમાં
મુ. જુનાગઢ

==

ક્રિમીનીલ અપીલ નં. ૩૯/૨૦૨૬
આંક–

અરજદાર :–

રવિભાઈ પાંચાભાઈ સરવૈયા
ઉ.વ.આ.૩૨, ધંધો–વેપાર,
ઠે. 'શ્રી મા શકિત ટ્રેડીંગ''
આલ્ફા સ્કુલની સામે,
મુ. સુખપુર
તા.જી. જુનાગઢ :::–**વિવાદી**
(મુળ આરોપી)

વિરુધ્ધ

સામાવાળા :–

(૧) જિલ્લા કલેકટરશ્રી,
જુનાગઢ જિલ્લા કલેકટર કચેરી,
જુનાગઢ જિલ્લા સેવા સદન,
કલેકટર કચેરી, જુનાગઢ

(૨) સ્ટેટ ઓફ ગુ જ રા ત
નોટિસ સરકારી વકીલશ્રી,
જુનાગઢ ::::::::::::::::::::::::::::::–**પ્રતિવિવાદી**
(મુળ ફરીયાદી)

Sessions Judge
Junagadh

અપીલ : નંબર પુરવઠા/એન્ફો/ઈસીએ/કેસ/૦૯–૨૦૨૫/૨૦૨૫
ના કામે તા. ૨૩–૦૨–૨૦૨૬ ના હુકમ સામે અપીલ

વિવાદી તરફે વિ. વકીલ શ્રી ડી.આર.અભાણી
સામાવાળા નં.૧ અને ૨ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.એમ.પારેખ

:: ઠ રા વ ::

(૧) આ કામના એપેલન્ટ/અરજદારે હાલની અપીલ કલેકટરશ્રી, જુનાગઢ ના પુરવઠા/એન્ફો/ઈસીએ/કેસ/૦૯–૨૦૨૫/૨૦૨૫ તા. ૨૩–૦૨–૨૦૨૬ ના રોજ કરેલ હુકમની વિરૂઘ્ઘ હાલની અપીલ દાખલ કરેલી છે.

(૨) **ફરીયાદપક્ષના કેસની હકીકત :**

૨.૧ જુનાગઢના પ્રાંત અધિકારીશ્રીએ તા. ૦૫/૦૭/૨૦૨૫ ના રોજ અરજદારની પેઢીમાં તપાસણી કરેલી અને તે અંગેનો તપાસણી અહેવાલ મામલતદારશ્રી જુનાગઢ(ગ્રામ્ય) ના પત્ર નં. પુરવઠા/એલડીઓ/તપાસણી/૦૭/૨૦૨૫ તા. ૦૮–૦૭–૨૦૨૫ થી રજુ થયેલ જેની વિગત નીચે મુજબ છે.

''વિષય: ગેરકાયદેસર જવલનશીલ પ્રવાહીનું વેચાણ કરતા સ્થળ તપાસણી બાબત.

સવિનય,

ઉપરોકત વિષય અન્વયે તા:૦૫/૦૭/૨૦૨૫ના પ્રાંત અધિકારીશ્રી, જુનાગઢ તથા તપાસણી ટીમ દ્વારા જુનાગઢ–ગ્રામ્ય તાલુકાના સ્થળ આલ્ફા વિદ્યા સંકુલ સામે, વડાલ રોડ, મુ. સુખપુર ખાતે "માં શકિત ટ્રેડર્સ" ના પ્રો. રવિભાઈ પાંચાભાઈ સરવૈયાની દુકાનો ખાતે તપાસણી / જથ્થો સીઝર કરવામાં આવેલ જેની વિગતો નીચે મુજબ છે.

Sessions Judge
Junagadh

તપાસણી ટીમ ધ્વારા ઉપર જણાવેલ સ્થળ ખાતેની દુકાનોમાં તપાસ કરતા ડિસ્પેન્સરી મશીનો છુપાવી અન–અધિકૃત અને ગેરકાયદેસર રીતે વાહનોમાં "જવલનશીલ" પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા હોવાનું માલુમ પડેલ છે.

તપાસીણ વખતે હાજર વ્યકિત (સુરેશભાઈ અશ્વિનભાઈ ગોહેલ– ફિલર મેન)ને આ અંગેના ના જરૂરી આધારો પુરાવાઓ બાબતે રજુ કરવા માંગણી કરવામાં આવતા તેઓ પાસે જથ્થો વેચાણ કરવા અંગેના જરૂરી આધાર–પુરાવાઓ કે લાયસન્સ રજુ કરવામાં આવેલ નથી.

તપાસણી ટીમને દુકાનોની આગળની ખુલ્લી જમીનની અંદર આ જવલનશીલ પ્રવાહી સ્ટોક કરવા માટે ટાંકો–૧, ક્ષમત આ. ૧૨,૦૦૦ લી. (હાજર જથ્થો અંદાજીત ૨૫૦૦ લી.) રાખવામાં આવેલ છે તથા દુકાનની અંદર ડિસ્પેન્સરી મશીનની પાછળ રાખવમાં આવેલ પ્લાસ્ટીક બેરલ નં.૧, માં ૨૦૦ લી.) જથ્થો મળી આવેલ છે.

આ તપાસણી વખતે હાજર રહેલ (સુરેશભાઈ અશ્વિનભાઈ ગોહેલ– ફિલર મેન)નું નિવેદન લેવામાં આવેલ. જે વિગતે તેઓ "ફિલર મેન" તરીકે કામ કરે છે અને આ પેઢી/ધંધા ના માલીક અંગે તેઓને પુચ્છા કરતા માલીક તરીકે (રવિભાઈ પાંચાભાઈ સરવૈયા) હોવાનું જણાવેલ છે જેઓ આ તપાસણી સમયે હાજર રહેલ નથી.

અમો તથા તપાસણી ટીમે હાજર રહેલ (સુરેશભાઈ અશ્વિનભાઈ ગોહેલ– ફિલરમેન) તથા પંચોની હાજરીમાં દુકાનોની અંદર રાખવામાં આવેલ ફ્યુલર મશીનો તથા લોખંડનો ટાંકો (અંદર રહેલ જથ્થા સહીત) અમારી દેખરેખમાં સીલ લગાવવામાં આવેલ છે.

:: સીઝરની વિગતો ::

ક્રમ	સીઝ કરેલ જથ્થો માલની વિગતો	અંદાજીત વેચાણ કિંમત	જથ્થાની કુલ કિંમત
૧	અંડર ગ્રાઉન્ડ ટાંકો નં.૧ ક્ષમતા ઓ. ૧૨,૦૦૦ લી. (હાજર જથ્થો ૨૫૦૦ લી.)	પ્રતિ લી. વેચ. કિં. રૂા. ૭૨/–	૧,૮૦,૦૦૦/–
૨	પ્લાસ્ટીક બેરલ નં.૧ ક્ષમતા ૨૦૦ લી. (હાજર જથ્થો ૨૦૦ લી.)	''	૧૪,૪૦૦/–

Sessions Judge
Junagadh

૩	ડિસ્પેન્સર મશીન નંગ–૧ (ચાલુ હાલતમા)	અં.કિં.રૂ. ૩૦,૦૦૦/–	૩૦,૦૦૦/–
૪	ડિસ્પેન્સર મશીન નં–૧ (બંધ હાલતમાં)	૨૦,૦૦૦/–	૨૦,૦૦૦/–
૫	ટેન્કર અંડર ગ્રાઉન્ડ ક્ષમતા અં. ૧૨,૦૦૦ લી.	અં.કિ.રૂ. ૫૦,૦૦૦/–	૫૦,૦૦૦/–
		કુલ કિંમત	૨,૯૪,૪૦૦/–

ઉપરોકત વિગતે કોઈ પણ જાતના આધાર–પુરાવાઓ વગર ગેરકાયદેસર ધંધો કરતા હોવાનું જણાય આવેલ તથા પેટ્રોલીયમ સંગ્રહ અને વેચાણ નિયમો–૨૦૦૨ તથા સરકારશ્રીના તા:૩૦/૦૭/૨૦૧૯ ના નોટિફિકેશન અને ગુ.આ.ચી. (પરવાના નિયમો અને જથ્થા નિયંત્રણ) આદેશ–૧૯૮૧ તથા ગુ.આ.ચી.ઓ ના વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ–૧૯૭૭ની જોગવાઈઓનો ભંગ કરેલ હોય પ્રાંત અધિકારીશ્રીને મળેલ સત્તાની રૂઈએ ઉપર મુજબનો જથ્થો હેરવી ફેરવી શકાય તેમ ન હોય જેથી સરકાર હસ્તક લઈ પંચરોજકામ કરી સીઝ કરી સરકારશ્રી વતી યથા સ્થિતીમાં કોઈ પણ ફેરફાર કરવો નહી અને પુર્વ મંજુરી વગર વેચાણ, ખસેડવા કે નિકાલ કરવો નહી તે અંગેની "માં શકિત ટ્રેડર્સ" ના પ્રો.રવિભાઈ પાંચાભાઈ તથા સુરેશભાઈ ફિલર–મેનને પુરી સમજણ આપી સીઝર હુકમની નકલ બજાવવામાં આવેલ છે.

આ સાથે અસલ સીઝર હુકમ / નિવેદન તથા પંચરોજકામ તથા સાધનીક કાગળો અ–"જવલનશીલ" પ્રવાહીના લેવાયેલ (સેમ્પલો–૨ ટીન) આ સાથે સામેલ રાખી આપ સાહેબને મોકલી આપવામાં આવે છે જેનાથી વિદિત થવા વિનંતી છે.''

૨.૨ ત્યારબાદ આ કામના એપેલન્ટને કલેકટર જુનાગઢ જિલ્લો જુનાગઢનાએ નં. પુરવઠા/એન્ફો./ઈસીએ/કેસ/૦૯–૨૦૨૫/૨૦૨૫ તા. ૧૭–૧૨–૨૦૨૫ થી નોટિસ આપવામાં આવેલ અને તેમાં તેવી વિગત જણાવેલી કે,

''ઉપરોકત ક્ષતિઓ / ગેરરીતીઓ આચરીને તમોએ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ ની કલમ–૩, કલમ–૯, ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ–૧૯૮૧ ની કંડીકા– ૩, ૧૬,૧૭,૧૮,૨૩, મોટર સ્પીરીટ અને હાઈસ્પિડ ડીઝલ

(રેગ્યુલેશન ઓફ સપ્લાય, ડીસ્ટ્રીબ્યુશન એન્ડ પ્રિવેન્શન ઓફ માલ પ્રેક્ટીસ) ઓર્ડર– ૨૦૦૫ ની કલમ – ૨(એફ), ૨(એફ)(વન), ૨(એફ) (ટુ), ૨(એફ)(થ્રી), ૨(એફ) (ફોર) ૨(એફ) (ફાઈવ), ૨(એફ) (સીકસ), ૩(૪), ૩(૫), ૩(૬), ૩(૭), ૪, પેટ્રોલીયમ એકટ–૧૯૩૪ ની કલમ–૩, ૪ પેટ્રોલિયમ રૂલ્સ– ૨૦૦૨ ના નિયમ–૧૪૦ ની જોગવાઈઓનો ભંગ કરેલ છે.''

ઉપરોકત ગંભીર પ્રકારની ગેરરીતીઓ/ક્ષતિઓ બદલ (૧) સીઝ/સ્થગિત કરેલ આવશ્યક ચીજવસ્તુનો તમામ જથ્થો શા માટે રાજયસાત ન કરવો ? (૨) આપની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ ની કલમ–૩ ના ભંગ બદલ કલમ–૭ હેઠળ આપની સામે ફોજદારી પગલાં કેમ ન લેવા ? (૩) આપની સામે આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ–૧૯૮૦ હેઠળ કાર્યવાહી કેમ ન કરવી.''

અને જે માટે રુબરુ સુનાવણી માટે તા. ૩૦–૧૨–૨૦૨૫ ના રોજ કલાક ૧૭–૦૦ કલાકે કલેકટર રૂબરૂ રાખવામાં આવેલ.

૨.૩ ત્યારબાદ અરજદે તા.૨૦–૧–૨૦૨૬ ના રોજ કેસ નં. પુરવઠા/એન્ફો./ઈસીએ/કેસ/૦૯–૨૦૨૫/૨૦૨૫ ના કામે નોટિસનો લેખિત જવાબ આપેલ.

૨.૪ ત્યારબાદ કલેકટર, જુનાગઢ જિલ્લા, જુનાગઢ નાઓએ પુરવઠા/એન્ફો./ઈસીએ/કેસ/૦૯–૨૦૨૫/૨૦૨૫ ના કામે તા. ૨૩–૦૨–૨૦૨૬ ના રોજ નીચે મુજબનો હુકમ કરેલ છે.

''//હુકમ//

હું Anil Ranavasiya, કલેકટર, જુનાગઢ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ ની કલમ–૬(એ) તળે અમોને મળેલ સતાની રૂઈએ "મા શકિત ટ્રેડીંગ" મુ.સુખપુર, તા.જુનાગઢ(ગ્રામ્ય) પેઢીની તા.૫/૭/૨૦૨૫ ના રોજ કરાયેલ તપાસણીમાં સીઝ કરવામાં આવેલ ભેળસેળયુક્ત પેટ્રોલિયમ પદાર્થના જથ્થા અન્વયેના તપાસણી અહેવાલ તથા પૃથકકરણ રીપોર્ટ તથા સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ ધ્યાને લઈને આ કામે નીચે મુજબ હુકમ કરુ છું.

(૧) સીઝ કરવામાં આવેલ ૨૭૦૦ લીટર ભેળસેળવાળા પેટ્રોલિયમ પદાર્થના ૧૦૦% જથ્થો રાજયસાત કરવા તથા રાજયસાત કરાયેલ ભેળસેળ વાળા જથ્થાનો આખરી નિકાલ થયા બાદ આનુષાંગિક સાધનો મુકત કરવા હુકમ કરુ છું.

(૨) આ હુકમથી રાજયસાત કરાયેલ ૨૭૦૦ લીટર ભેળસેળ વાળા પેટ્રોલિયમ પદાર્થનો સરકારશ્રીના પુરવઠા વિભાગના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ પરિપત્ર નં. ઈસીએ/૧૦૨૦૧૬/૬૦૩૨૫૪/બ તા.૨૮/૭/૨૦૨૧ તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરના પરિપત્ર નં. જીપીસીબી/પી–૩–૨૬૯/૬૨૧૭૭૪ તા.૨૭/૧/૨૦૨૨ ની જોગવાઈઓ મુજબ સામાવાળાના ખર્ચે મામલતદારશ્રી જુનાગઢ(ગ્રામ્ય)એ કરવાનો રહેશે.

(૩) આ કામના સામાવાળાઓ (૧) શ્રી રવિભાઈ પાંચાભાઈ સરવૈયા, પ્રો.શ્રી 'મા શકિત ટ્રેડીંગ', આલ્ફા સ્કુલની પાસે, મુ. સુખપુર તા.જુનાગઢ(ગ્રામ્ય) તથા (૨) શ્રી સુરેશભાઈ અશ્વિનભાઈ ગોહેલ, પ્રતિનિધિ /ફીલરમેન, 'મા શકિત ટ્રેડીંગ', આલ્ફા સ્કુલની સામે, મુ. સુખપુર, તા. જુનાગઢ (ગ્રામ્ય) સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૩ ના ભંગ કરેલ છે આથી તેઓ સામે કલમ–૭ હેઠળ પોલીસ ફરીયાદ દાખલ કરવા હુકમ કરવામાં આવે છે.

અત્રેના ઉકત હુકમ મુજબ તમામ સબંધિતો સામે પોલીસ ફરીયાદ દાખલ કરવા મામલતદારશ્રી, જુનાગઢ (ગ્રામ્ય) ને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમથી આ કામના સામાવાળા નારાજ હોય તો હુકમ મળ્યાની તારીખથી દિવસ–૩૦ માં જિલ્લાની નામદાર સેસન્સ કોર્ટમાં અપીલ કરી શકાશે.''

ઊપરોકત હુકમથી નારાજ થઈ અરજદારે હાલની અપીલ આ અદાલત રૂબરૂ અપીલ કરેલ છે.

(૩) અપીલની હકિકતઃ –

અપીલ મેમોમાં એપેલન્ટ/અરજદાર તરફે મુખ્યત્વે એવી હકિકત જણાવેલ છે કે,

''**૩.૧** રીસ્પોન્ડન્ટ નં. ૧ નો હુકમ ખોટો, ગેરકાયદેસરનો અને ભુલ ભરેલો છે. તેમજ રેકર્ડ પરની ખરી હકીકતોથી વિરૂધ્ધનો અને ખોટો છે.

૩.૨ એપેલન્ટે કાયદા, નિયમ અને કંટ્રોલ ઓર્ડરોનો ભંગ કરેલ છે તેમ માનવામાં અને ઠરાવવામાં રીસ્પોન્ડન્ટ નં. ૧ નાએ ભુલ કરેલ છે.

3.3 એપેલન્ટ દ્વારા તમામ રેકર્ડ અને રજીસ્ટરો નિયમ પ્રમાણે વ્યવસ્થીત રાખવામાં આવે છે તેમ નહીં ઠરાવવામાં ગંભીર ભુલ કરેલ છે.

૩.૪ રીસ્પોન્ડન્ટ નં. ૧ નાએ નોટીસમાં દર્શાવેલી કહેવાતી ક્ષતીઓ માનવામાં અને ઠરાવવામાં ગંભીર ભુલ કરેલ છે.

૩.૫ રીસ્પોન્ડન્ટ નં. ૧ નાએ તા. ૧૭/૧૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ તપાસણીમાં જણાયેલ ક્ષતીઓ / ગેરરીતીઓ આચરેલ હોવાનું તથા તપાસણી સમયે આપેલ નિવેદન તથા સુનવણી સમયે આપેલ લેખિત ખુલાસાથી ગુનો આચરેલ હોવાનું ફલીત થતું હોવાનું ઠરાવવામાં ગંભીર ભુલ કરેલ છે.

૩.૬ રીસ્પોડન્ટ નં. ૧ નાએ અમોએ રજુ કરેલ લેખિત વાંધા જવાબ / ખુલાસો રજૂ કરેલ છે અને આ સિવાય વિષેશ કોઈ રજુઆત ન હોવાનું જણાવેલ હોવાની હકિકત રેકર્ડથી વિરૂધ્ધની હોય તેથી તેમજ અમો એપેલન્ટ દ્વારા સદરહું અરજીની સુનવણી વખતે રજુ કરવામાં આવેલ મૌખિક રજુઆતોને તથા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓને ધ્યાને લિધેલ નથી. તેમજ કરવામાં આવેલી રજુઆતોનો સદરહું હુકમમાં ઉલ્લેખ સુધ્ધા ન કરીને ગંભીર ભુલ કરેલ છે.

૩.૭ ખરી અને વાસ્તવિક હકીકતે અમો એપેલન્ટ સામે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન જાણવા જોગ એન્ટ્રી નં. જે.જે./૧૬/૨૦૨૩ થી અમારી સામે ખોટી રીતે ૭૦૦ લીટર લાઈટ ડીઝલ તથા લોખંડની ટાંકી તથા ફ્યુલપંપ વિગેરે કબજે કરવામાં આવેલ અને તે અનુસંધાને તે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ અને ત્યારે સદરહુ જપ્ત કરવામાં આવેલ મુદામાલ વાળુ ડીઝલ કોઈ સબ–સ્ટાન્ડર્ડ આવેલ નહી અને તે ગુનાના કામે સદરહુ મુદામાલ અમોને પરત કરવામાં આવેલ હતો અને આ ગુનાના કામે જે ડીઝલ જપ્ત કરવામાં આવેલ તે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ અને ત્યારે સદરહુ જપ્ત કરવામાં આવેલ મુદામાલ વાળુ ડીઝલ કોઈ સબ–સ્ટાન્ડર્ડ આવેલ નહી અને તેના પેરામિટર મુજબ યોગ્ય હોય તેથી એપેલન્ટ સામે કોઈ આગળની કાર્યવાહી થઈ શકે તેવી કાનુની સ્થીતી ન હોય તે સંજોગોમાં તદન ખોટી રીતે ફરીથી અમારા બંધ પંપ ઉપર કોઈ વેચાણ કે અન્ય કોઈ કાર્યવાહી થતી ન હોવા છતા મામલતદારશ્રી દ્વારા તદ્દન ખોટી રીતે એકતરફી અને અમારી ગેરહાજરીમાં કાર્યવાહી કરવામાં આવેલી છે જે સંપુર્ણપણે કુદરતી ન્યાયના સિધ્ધાંતોથી વિપરીત અને કાયદાકીય જોગવાઈથી વિપરીત તથા ગેરકાનુની કાર્યવાહીના આધારે નોટીસ આપેલી તે અનુસંધાને કરવામાં આવેલી રજુઆતો તથા દસ્તાવેજોને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે અને તેથી પણ અપીલ મંજુર થવા પાત્ર છે.

Sessions Judge
Junagadh

આમ કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ કરવા નમ્ર અરજ છે.

૩.૮ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧ ના સબંધે અમો એપેલન્ટે મામલતદારશ્રીએ કરેલ છુટક લાયસન્સ નં. ૦૯/૨૦૨૧ થી કરેલ હુકમ સામે અમો એપેલન્ટે નાયબ કલેકટરશ્રી સાહેબની કોર્ટમાં કરેલ અપીલ અરજી હાલ પેન્ડીંગ છે તેમજ અમો એપેલન્ટનાએ પરવાનાની તથા લાયસન્સની તમામ શરતો અને નીતિ નિયમોનું ચુસ્તપણે આજદીન સુધી પાલન કરેલ છે અને ભારતીય પેટ્રોલીયમ વિસ્ફોટક મંત્રાલયનું લાયસન્સ નં. એ.પી.ડબલ્યુ.બી.જી.જે. ૧૫/૭૬૩ થી ઈસ્યુ કરવામાં આવેલ છે અને તે મુજબ અમો પરવાના ધારક ૪૪.કે.એલ. એટલે કે ૪૪૦૦૦ લીટર સંગ્રહ કરવાની પરવાનગી ધરાવીએ છીએ અને તેનાથી વિશેષ કોઈ પુરવઠો કહેવાતા ચેકીંગ વખતે હાજર ન હતો અને અગાઉના ચેકીંગ બાદથી એટલે કે નવેમ્બર–૨૦૨૩ પહેલાથી સદરહુ પંપ ઉપર કોઈ વેચાણ અંગેની કાર્યવાહી કરવામાં આવેલ નથી અને જે તે વખતે જે ડિઝલ સીઝ કરેલુ હતુ તે જ જે તે સમયથી ટાંકામાં પડતર હતુ અને આટલા લાંબા સમય બાદ પડતર હોવાના કારણે તેના રીપોર્ટમાં ફેરફાર આવવાની સંભાવના હોય છે. આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી અને તદ્દન ખોટી રીતે હાલની નોટીસ આપવામાં આવેલી હોય જે રદ કરવા નમ્ર અરજ છે કારણ કે અમો એપેલન્ટ પાસે કાયદેસર સંગ્રહ કરવાનો પરવાનો આજની તારીખે પણ અમલમાં છે અને તે પરવાનો સક્ષમ ઓથોરીટી દ્વારા રદ કરવામાં આવેલ ન હોય તેથી તે સંજોગોમાં તે અનુસંધાને કરવામાં આવેલી રજુઆતો તથા દસ્તાવેજોને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે અને તેથી પણ અપીલ મંજુર થવા પાત્ર છે. આમ કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ કરવા નમ્ર અરજ છે.

૩.૯ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ ચેકીંગ વખતે બહારગામ હતા તેમજ ઉપરોકત પારામાં જણાવ્યા મુજબ પંપ બંધ હોવાના કારણે અને તેથી ખરીદ વેચાણ બંધ હોય તેથી સ્થળ ઉપર જે તે વખતે બીલો હાજર ન હોય તે સ્વભાવિક વસ્તુ છે. આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય તેથી પણ તે અનુસંધાને કરવામાં આવેલી રજુઆતો તથા

Sessions Judge
Junagadh

દસ્તાવેજોને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે અને તેથી પણ અપીલ મંજુર થવા પાત્ર છે. આમ કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ કરવા નમ્ર અરજ છે.

૩.૧૦ રીસ્પોન્ટન્ડ નં. ૧ ની નોટીસના પારા–૩ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટે ઉપરોકત પારામાં જણાવ્યા મુજબ પંપ બંધ હોવાના કારણે ભાવોની વિગત, ઉપલબ્ધ જથ્થો, ડેન્સીટી, વિગેરે હકીકત જયારે પંપ બંધ હોય ત્યારે તે બોર્ડમાં દર્શાવવાની કોઈ જરૂરીયાત રહેતી નથી તેમ છતા પણ અગાઉના પડેલા જથ્થા સબંધેની વિગતો સ્થળ ઉપર બોર્ડમાં લગાવવામાં આવેલી હતી. આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૧૧ રીસ્પોન્ટન્ડ નં. ૧ ની નોટીસના પારા–૪ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ ચેકીંગ વખતે બહારગામ હતા તેમજ ઉપરોકત પારામાં જણાવ્યા મુજબ પંપ બંધ હોવાના કારણે તથા અમો બહારગામ હોવાથી અને સદરહુ દસ્તાવેજો લોક એન્ડ કી માં હોય અને તેની ચાવી માણસો પાસે ન હોવાથી જે તે વખતે સ્થળ ઉપર હાજર ન હોવાના કારણે રજુ થઈ શકેલ ન હતી અને ત્યારબાદ રજુ કરેલી હતી. આ રેકર્ડ ઉપરની આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૧૨ રીસ્પોન્ટન્ડ નં. ૧ ની નોટીસના પારા–૫ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ પાસે સેફટી સબંધેના તમામ સાધનો ઉપલબ્ધ હતા અને તેનું લાયસન્સ પણ રજુ કરેલ હતુ. આ રેકર્ડ ઉપરની આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૧૩ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૬ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ આ અગાઉ જણાવ્યા મુજબ સને. ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને તે અનુસંધાને તે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ અને ત્યારે સદરહુ જપ્ત કરવામાં આવેલ મુદામાલ વાળુ ડીઝલ

કોઈ સબ–સ્ટાન્ડર્ડ આવેલ નહી અને તે ગુનાના કામે સદરહુ મુદામાલ અમોને પરત કરવામાં આવેલ હતો આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા અમારી રજુઆતને યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી તથા દસ્તાવેજોને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે અને તેથી પણ અપીલ મંજુર થવા પાત્ર છે. આમ કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ કરવા નમ્ર અરજ છે.

૩.૧૪ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૭ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને. ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને તેથી ખરીદ વેચાણ બંધ હોય આ સંજોગોમાં તેને લગતા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તેથી તેમજ જયારે ખરીદ વેચાણ બંધ હોય તેથી તેના ભાવ સ્થળ ઉપર ન હોય તે સ્વાભાવિક છે અને તે ભાવ સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવતા હોય છે તેમાં અમો કોઈ ફેરફાર કરી શકતા નથી. આ રજુઆતોને ઠરાવમાં યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી અને તે અનુસંધાને કરવામાં આવેલી રજુઆતો તથા દસ્તાવેજોને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે અને તેથી પણ અપીલ મંજુર થવા પાત્ર છે. આમ કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ કરવા નમ્ર અરજ છે.

૩.૧૫ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૮ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજ દીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી તે સબંધેના કોઈ હિસાબો રાખવાના થતા ન હોવાની યોગ્ય અને ખરી રજુઆતો તથા દસ્તાવેજોને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે અને તેથી પણ અપીલ મંજુર થવા પાત્ર છે. આમ કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ કરવા નમ્ર અરજ છે.

૩.૧૬ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૯ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને સબધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી બંધ જથ્થાનું કોઈ સ્ટોક રજીસ્ટર સને નવેમ્બર ૨૦૨૩ ની સ્થીતી બાદ આવા કોઈ સ્ટોક રજીસ્ટરમાં એન્ટ્રી થયેલ નથી અને અગાઉના સ્ટોક રજીસ્ટર પત્ર પુરવઠા શાખામાં અમોએ જમા કરાવી આપેલા છે. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા તેને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તથા દસ્તાવેજોને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે અને તેથી પણ અપીલ મંજુર થવા પાત્ર છે આમ કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ કરવા નમ્ર અરજ છે.

૩.૧૭ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૦ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટએ જે તે વખતે ડીપચાર્ટ રજુ કરેલો હતો આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા તેને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી અને તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૧૮ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૧ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજ દીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી કોઈ ગ્રાહકો સબંધેની વિગતો ઉપલબ્ધ ન હોય તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી તેથી પણ કરવામાં આવેલી રજુઆતો તથા દસ્તાવેજોને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે અને તેથી પણ અપીલ મંજુર થવા પાત્ર છે. આમ કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ કરવા નમ્ર અરજ છે.

Sessions Judge
Junagadh

૩.૧૯ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૨ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દવારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી કોઈ માસીક પત્રકો રજુ કરવાના થતા ન હોય તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૦ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૩ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી વેચાણ બીલમાં ગ્રાહક નંબર, નામ, મોબાઈલ નંબર, વેચાણ કરેલ જથ્થાની વિગત, ભાવ, તારીખ, વિગેરેના કોઈ દસ્તાવેજો હોય નહી તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૧ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૧૪ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ પાસે સંગ્રહ જથ્થો કરવા કાયદેસરનો પરવાનો આવેલ છે અને અમારી પાસે ૪૪૦૦૦ લીટર જથ્થો સંગ્રહ કરવાનો પરવાનો આવેલ છે અને તે જે તે વખતે રજુ કરેલ છે હાલ આ સાથે રજુ છે તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૨ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૧૫ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને મીટર રીડીંગનું રજીસ્ટર અપીલના કામે રજુ કરેલ છે તે હકીકતને યોગ્ય રીતે કન્સીડર ન કરીને અને આપવામાં આવેલ ઠરાવ રેકર્ડથી વિપરીત અને ખોટો હોય તેથી રદ કરવા અને અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૩ આપ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૧૬ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં

થયેલ કાનુની કાર્યવાહી સબંધે જે તે વખતે તે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ અને ત્યારે સદરહુ જપ્ત કરવામાં આવેલ મુદામાલ વાળુ ડીઝલ કોઈ સબ–સ્ટાન્ડર્ડ આવેલ નહી અને તે ગુનાના કામે સદરહુ મુદામાલ અમોને પરત કરવામાં આવેલ હતો. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૪ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૧૭ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને ડેન્સીટી રજીસ્ટર તથા સીકકા વિગેરે અપીલના કામે રજુ કરેલ છે. આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૫ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૧૮ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે જે તે વખતે અને તે અનુસંધાને તે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ અને ત્યારે સદરહુ જપ્ત કરવામાં આવેલ મુદામાલ વાળુ ડીઝલ કોઈ સબ–સ્ટાન્ડર્ડ આવેલ નહીં અને તે ગુનાના કામે સદરહુ મુદામાલ અમોને પરત કરવામાં આવેલ હતો. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૬ રિસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૯ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને તેને લગતા તમામ દસ્તાવેજો અપીલના કામે રજુ કરેલ છે આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

Sessions Judge
Junagadh

૩.૨૭ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૨૦ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને તેને લગતા તમામ દસ્તાવેજો અપીલના કામે રજુ કરેલ છે અને તે તમામ યોગ્ય અને સરકારશ્રીના નીતિ નિયમો મુજબ આવેલા છે. આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૮ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૨૧ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને તેને લગતા તમામ દસ્તાવેજો અપીલના કામે રજુ કરેલ છે અને તે નીતિ નિયમો મુજબ આવેલા છે તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૨૯ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૨૨ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો મુજબ કોઈ બનાવ બનેલ નથી કે કોઈ ગેરરીતી આચરવામાં આવેલ નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને ત્યારથી પંપ બંધ છે, કોઈ ખરીદ કે વેચાણ થયેલ નથી અને તેથી આ હકીકતોને ધ્યાને લેતા ઠરાવમાં જે તારણો આપવામાં આવેલ છે તે રેકર્ડથી વિપરીત હોય તેથી પણ ઠરાવ રદ કરવા અને અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

3.30 રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૨૩ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો ખરા નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે

Sessions Judge
Junagadh

કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને ત્યારથી પંપ બંધ છે તેમ છતા પણ ફાયરનું લાયસન્સ લેવામાં આવેલ છે અને અમારી પેઢી દ્વારા સેફટી સબંધે ધારાધોરણ મુજબ અમારો પંપ શૈક્ષણિક સંકુલથી દુર આવેલ છે અને અમારા દ્વારા તમામ સેફટી રૂલ્સ મુજબ લાયસન્સ મળવાપાત્ર હોય તેથી ફાયરનું લાયસન્સ આપવામાં આવેલ છે જે અને આજે પણ ફાયર સેફટીનું લાયસન્સ અમલમાં છે આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૩૧ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૨૪ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો મુજબ કોઈ બનાવ બનેલ નથી કે કોઈ ગેરરીતી આચરવામાં આવેલ નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી બાદ અને તે અનુસંધાને તે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ અને ત્યારે સદરહુ જપ્ત કરવામાં આવેલ મુદામાલ વાળુ ડીઝલ કોઈ સબ–સ્ટાન્ડર્ડ આવેલ નહી અને તે ગુનાના કામે સદરહુ મુદામાલ અમોને પરત કરવામાં આવેલ હતો. આ રેકર્ડ ઉપરની હકીકતને કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી છે જેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૩૨ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૨૫ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો ખરા નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી બાદ પંપ બેધ હોવાથી આ પારામાં જણાવેલી હકીકતો ખરી નથી, સુરેશભાઈ અશ્વિનભાઈ ગોહીલ દ્વારા આ પારામાં જણાવ્યા મુજબનું કોઈ નિવેદન આપવામાં આવેલ જ નથી અને આ નામની કોઈ વ્યકિત અમારે ત્યા કામ પણ કરતી ન હતી આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર ન કરીને અને ઠરાવમાં જે કારણો આપેલા છે તે કારણો તથા તારણો ખરા ન હોય તેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૩૩ રીસ્પોન્ડન્ટ નં. ૧ની નોટીસના પારા–૨૬ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો ખરા નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી બાદ પંપ બંધ હોવાથી અને

જે તે વખતે સીઝ કરવામાં આવેલ ડીઝલનો જથ્થો આજની તારીખે પણ જેમનો તેમ હોય અને આટલા લાંબા સમય બાદ જે સેમ્પલ લેવામાં આવેલા તે સેમ્પલમાં સાંબા સમયના કારણે તેના પેરામિટરમાં ફેરફાર આવે તે સ્વાભાવિક છે અને આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા અમારી સામે ખોટી કાર્યવાહી રાગદ્વેશ રાખીને કરવામાં આવેલી છે અને આ હકીકત રેકર્ડ ઉપર છે આ રેકર્ડ ઉપરની તમામ હકીકતોને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી અને અમોએ રજુ કરેલા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓને પણ યોગ્ય રીતે ધ્યાને લીધેલ નથી અને તેને કન્સીડર ન કરીને ગંભીર ભુલ કરેલી હોય જેથી પણ અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૩૪ અમો એપેલન્ટ દ્વારા રજુ કરવામાં આવેલ લેખિત રજુઆતોને યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી તેમજ રજુ કરેલ દસ્તાવેજોને યોગ્ય રીતે ધ્યાને લેવામાં આવેલ નથી અને જે ઠરાવ આપવામાં આવેલો છે અને સદરહું ઠરાવમાં જે તારણો આપવામાં આવેલા છે તે તારણો સંપુર્ણ પણે રેકર્ડથી વિપરીત અને નોટીસમાં જણાવેલ કારણોથી વિશેષ તારણો આપવામાં આવેલ છે, આવા કોઈ દસ્તાવેજો અમો એપેલન્ટને આપવામાં આવેલ નથી અને તેનો યોગ્ય ખુલાસો કે બચાવ કરવાની તક પણ આપવામાં આવેલી નથી તેમજ જે તારણો આપવામાં આવેલા છે અને તે તારણોમાં જે વાહનોની વિગતો તથા પત્ર તથા બીલ સબંધે જે હકીકતો જણાવવામાં આવેલી છે તે તદ્દન રેકર્ડથી વિપરીત છે અને રોજકામમાં પણ આવી પણ આવી કોઈ હકીકત આવેલ નથી અને નોટીસમાં પણ જણાવેલી નથી અને અગાઉના કેસની હકીકતો હાલના ઠરાવમાં ખોટી રીતે દર્શાવવામાં આવેલ છે અને જે હકીકતો રેકર્ડ ઉપર ન હોય તેવી હકીકતો ઠરાવમાં જણાવવામાં આવેલી હોય તેથી કુદરતી ન્યાયના સિધ્ધાંતોથી વિપરીત એપેલન્ટને યોગ્ય અને ન્યાયિક તક આપવામાં આવેલી ન હોય અને આ રીતે આપવામાં આવેલો ઠરાવ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય તેથી તેમજ આપવામાં આવેલ ઠરાવમાં ગંભીર પ્રકારની ક્ષતિ રહેલી હોય તેથી ઠરાવ રદ કરવા અને અપીલ મંજુર કરવા ન્યાયના હિતમાં અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૩.૩૫ અમો એપેલન્ટ દ્વારા સ્ટોક રજીસ્ટ્રર અદ્યતન રીતે નિભાવેલ ન હોવા સંબંધે ઠરાવમાં જે ફાઈન્ડીંગ આપેલ છે તે ખરી અને વાસ્તવીક હકિકતે રેકર્ડથી વિપરીત છે તેમજ અમો એપેલન્ટ દ્વારા રીસ્પોડન્ટ નં. ૧ ની નોટીસના અનુસંધાને જરૂરી તમામ

વિગતો તથા દસ્તાવેજો વિગેરે તેમજ સ્ટોક રજીસ્ટ્રર સહીત તમામ રેકર્ડ અમોએ અદ્યતન નિભાવેલ હતા અને આ તમામ દસ્તાવેજો અમોએ રીસ્પોડન્ટ નં. ૧ ના સમક્ષ સુનાવણી સમયે રજુ કરેલ હતા અને સદરહું દસ્તાવેજોમાં કોઈપણ પ્રકારની ક્ષતી ન હોવા છતાં તે સંબંધે આપવામાં આવેલ ફાઈન્ડીંગ રેકર્ડથી વિપરીત હોય તથા રજુ કરવામાં આવેલા દસ્તાવેજો યોગ્ય અને નીતિ નિયમ મુજબ નિભાવવામાં આવેલ હોવા છતાં તે હકિકતને ન માનીને રીસ્પોડન્ટ નં. ૧ ના એ ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર થવા પાત્ર છે.

૩.૩૬ અમો એપેલન્ટ દ્વારા રજુ કરવામાં આવેલ લેખીત વાંધા–જવાબ તથા લેખિત રજુઆતોની હકીકતોને ન માનવામાં ગંભીર ભુલ કરેલ છે.

૩.૩૭ અમો એપેલન્ટને સુનવણી માટે કોઈ તક આપવામાં આવેલ નથી અને આમ કરીને કુદરતી ન્યાયના સીધ્ધાંતનો ભંગ કરેલ છે.

૩.૩૮ રીસ્પોન્ડન્ટ દ્વારા પંચરોજ કામ થયુ ત્યારે એપેલન્ટ હાજર ન હતા તેમજ અમો એપેલન્ટને ત્યા સુરેશભાઈ અશ્વિનભાઈ નામની વ્યકિત પણ હાજર ન હતી કે તે અમારે ત્યા નોકરી પણ કરતા ન હતા અને અમારી ગેરહાજરીમાં તેમણે કોઈ સ્ટેટમેન્ટ કે નિવેદન આપેલ હોય તો તે અમો એપેલન્ટને બંધનકર્તા પણ નથી અને આ કહેવાતું નિવેદન તેઓએ તેમની અનુકુળતા મુજબ નોંધી લીધેલ હોવા છતાં આવા નિવેદનના આધારે કરવામાં આવેલો હુકમ ભુલભરેલો છે.

૩.૩૯ એપેલન્ટે રજુ કરેલા ખુલાસા યથાર્થ અને ખરા નહી માનવામાં ગંભીર ભુલ કરેલ છે.

૩.૪૦ અમો એપેલન્ટ દ્વારા કોઈ ટેકનીકલ ક્ષતી કે કાયદા કે નિયમોનો ભંગ નથી. તેમજ તે કોઈ ગંભીર બેકાળજી નથી. તેમજ કોઈપણ જાતના ઈરાદા વગરની ટેકનીકલ ક્ષતી હોય તો પણ ઈલીગાલીટી નથી. ઈરાદા વગરની ટેકનીકલ ક્ષતી રહી જવા પામેલ હોય તો પણ લાખો રૂપીયાની રકમ અને જથ્થો રાજયસાત કરવાનો હુકમ ન્યાયીક નથી તેમજ અમારી સામે ફોજદારી ફરીયાદ કરવાનો હુકમ પણ ભુલ ભરેલો છે.

૩.૪૧ રીસ્પોન્ડન્ટ નં. ૧ નો હુકમ કાયદા અને કુદરતી ન્યાયના સીધ્ધાંતો વિરૂધ્ધનો આપખુદ અને ભુલ ભરેલો છે.

૩.૪૨ એપેલન્ટ પરવાના આદેશની કોઈપણ કલમોનો કે પરવાનાની શરતોનો ભંગ કરેલ હોવાનું અને માનવામાં અને ઠરાવવામાં રીસ્પોન્ડન્ટ નં. ૧ નાએ ભુલ કરેલ છે.

૩.૪૩ રીસ્પોન્ડન્ટ નં. ૧ નો વિવાદ વાળો હુકમ સમગ્ર રીતે કાયદા, નિયમ, કંન્ટ્રોલ ઓર્ડર તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનો તેમજ પ્રસ્થાપીત ઉચ્ચ અદાલતોના સિધ્ધાંતો વિરૂધ્ધનો ગેરકાયદેસર અને આપખુદ ભર્યો હોય રદ થવા પાત્ર છે.

૩.૪૪ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો સમગ્ર હુકમ /ઠરાવ એપેલન્ટની વિરૂધ્ધનું અનુમાન કરીને કરેલ છે. તેમજ અમો એપેલન્ટ તરફે પડકારેલ ઘણી બધી બાબતો પૈકી કોઈપણ બાબતની હકીકતોને ધ્યાને નહીં લઈને હાલનો વાદગ્રસ્ત હુકમ કરેલ છે. જે પ્રથમથીજ અને મુળથીજ ભુલ ભરેલો અને સંપૂર્ણ અને ક્ષતિ યુકત હોય રદ થવા પાત્ર છે.

૩.૪૫ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો તટસ્થ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓને કે તેનું વાસ્તવીક અર્થઘટન નહીં કરીને રેકર્ડ ઉપરની હકીકતોથી વિપરીત અને તદ્દન ખોટુ અને અનુમાન આધારીત ખોટુ અર્થઘટન કરીને તેમજ કાયદાની પ્રીસીડન્ટ ફોલોઅપ કરેલ નથી તેથી પણ હુકમ / ઠરાવ રદ થવાને પાત્ર છે.

૩.૪૬ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો કરેલ હુકમ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ– ૩, ૯, ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (લાઈસન્સ નિયંત્રણ અને સ્ટોક જાહેરાત) હુકમ ૧૯૮૧ ની કંડિકા ૩, ૧૬, ૧૭, ૧૮ અને ૨૩ મોટર સ્પીરીટ અને હાઈસ્પીડ ડિઝલ(રેગ્યુલેશન ઓફ સપ્લાય, ડિસ્ટ્રીબ્યુશન એન્ડ પ્રિવેન્શન ઓફ માલ પ્રેકટીસ) ઓર્ડર ૨૦૦૫ ની કલમ ૨(એફ), ૨(એફ) (વન), ૨(એફ) (ટુ), ૨(એફ) (થ્રી), ૨(એફ) (ફોર), ૨(એફ)(ફાઈવ), ૨(એફ)(સીકસ), ૩(૪), ૩(૫), ૩(૬), ૩(૭), ૪ પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ ૩, ૪ પેટ્રોલીયમ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૧૪૦ ની જોગવાઈઓના પ્રોવીઝન વિરૂધ્ધનો અને પ્રસ્થાપીત કાયદાના સિધ્ધાંતો વિરૂધ્ધનો હોય તેથી પણ તે રદ થવાને પાત્ર છે.

Sessions Judge
Junagadh

૩.૪૭ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો કરેલ હુકમમાં કાયદાની તથા હકીકતોની ગંભીર પ્રકારની ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૩.૪૮ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો કોઈપણ પ્રકારે માઈન્ડ એપ્લાય કર્યા વિના અને રેકર્ડ ઉપરની હકીકતો અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા વિના હુકમ કરેલ છે. જે રદ થવાને પાત્ર છે.

૩.૪૯ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો અમો એપેલન્ટ તરફથી રજુ થયેલ મૌખિક રજુઆતો તથા લેખિત વાંધા જવાબની હકીકતો તથા મૌખિક દલીલોને નજર અંદાજ કરીને ખોટો હુકમ કરેલ છે અને જે રેકર્ડ ઉપર પણ નથી તેવી નવી હકીકતો ઠરાવમાં લખવામાં આવેલ છે. આમ આ રીતે પણ હુકમ રદ થવાને પાત્ર છે.

૩.૫૦ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો અમો એપેલન્ટ તરફથી રજુ કરવામાં આવેલા દસ્તાવેજોનો અર્થઘટન ખોટી રીતે કરેલ છે. આ અર્થઘટનના આધારે સજા કરેલ છે તે રદ થવા પાત્ર છે.

૩.૫૧ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો આપેલા ઠરાવના તારણોના પેરેગ્રાફ નં. ૧ થી ૧૯ માં આપેલ ફાઈન્ડીંગ કાયદાની જોગવાઈથી વિપરીત અને કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરૂધ્ધ આપેલ છે. ખરી અને વાસ્તવીક હકીકતે રજુ થયેલા દસ્તાવેજોને નામદાર નીચેની અદાલતે યોગ્ય રીતે ધ્યાને લીધેલ નથી તેમ છતા પણ તેનાથી વિપરીત અને કાયદાની જોગવાઈથી વિરૂધ્ધના ફાઈન્ડીંગ્સ આપેલ છે અને આવા ખોટા ફાઈન્ડીંગ્સના આધારે ૨૭૦૦ લીટર પેટ્રોલિયમ પદાર્થ રાજયસાત કરવાનો તથા અમો એપેલન્ટ સામે કલમ ૭ હેઠળ પોલીસ ફરીયાદ કરવાનો કરેલ હુકમ કરવામાં ગંભીર ભુલ કરેલ છે.

૩.૫૨ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો ઠરાવના ફાઈન્ડીગમાં જણાવેલા ફાઈન્ડીગ માત્ર ને માત્ર અનુમાનિત આધારે આપેલ છે. ખરી અને વાસ્તવિક હકીકતે ઉપરોકત ફાઈન્ડીગો કાયદાકીય જોગવાઈથી વિપરીત આપેલ છે કારણ કે હાલના એપેલન્ટ રેકર્ડ ઉપર આવેલ દસ્તાવેજોના આધારે દસ્તાવેજોનુ તથા નોટીસની હકીકતોનુ સ્પષ્ટ પણે ખંડન કરવામાં આવેલાનુ રેકર્ડ ઉપર હોવા છતા

અને આવા ખોટા ફાઈન્ડીંગ્સના આધારે ૨૭૦૦ લીટર પેટ્રોલિયમ પદાર્થ રાજયસાત કરવાનો તથા અમો એપેલન્ટ સામે કલમ ૭ હેઠળ પોલીસ ફરીયાદ કરવાનો હુકમ કરવામાં ગંભીર ભુલ કરેલ છે.

૩.૫૩ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો જે ઠરાવ આપેલ છે તે જોતા સમગ્ર પણે જે પ્રકારે અમો એપેલન્ટને તકસીરવાન ઠરાવી જજમેન્ટ આપેલ છે તે પરત્વેનો રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો તેનો સંપુર્ણ અભિગમ ન્યાયોચીત અને કેસની હકીકતો સાથે સુસંગત નથી અને રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો તેનો સંપુર્ણ અભીગમ ઉપલકયો અને યોગ્ય રીતે મન પરોવ્યા વિના અને હકીકત અને કાયદાનું યોગ્ય પરીપ્રેક્ષમાં મુલ્યાંકન ન કરી આપેલ ઠરાવ સંપુર્ણ પણે કાયદા વિરૂધ્ધનો બનેલ છે.

૩.૫૪ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો પોતાના નિર્ણય માટે જે મુદ્દાઓ ઉપસ્થીત કરેલા છે અને જે પ્રકારે તેના નિર્ણય માટેના કારણો અને તારણો આપેલ છે તે સંપુર્ણ પણે ન્યાયોચીત નથી જેથી હુકમ કાયદા વિરૂધ્ધનો બનેલ છે.

૩.૫૫ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો રાજયસાત કરવા માટેના જે કારણો અને તારણો આપેલ છે તે અમો એપેલન્ટના પક્ષે રજુ કરેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓના વિરૂધ્ધના કારણો અને તારણો હોય પરીણામે જજમેન્ટ ન્યાયની કસુવાવડમાં પરીણામેલ છે.''તેમ જણાવી અરજી પેરા–૭(૧) (૨) અને (૩) મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) અરજદાર તરફે દલીલ:– આ કામે અરજદાર તરફે આંક–૧૨ થી લેખિત દલીલ કુલ– ૧૭ પાનાની તા. ૧૮–૦૩–૨૬ ના રોજ રજુ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

''**૪.૧** અમો એપેલન્ટ જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના સુખપુર મુકામે પરવાના નં. ૯/૨૦૨૩ થી એલ.ડી.ઓ. ક્રુડ ના છુટક વિક્રેતા તરીકે પરવાનો

ધરાવીએ છીએ અને ભારત સરકાર દ્વારા જથ્થો સંગ્રહ કરવા માટેનું લાયસન્સ તા. ૧૩/૧૧/૨૦૧૯ થી આપવામાં આવેલ છે તેમજ અમો જીએસટી રજીસ્ટ્રેશન નં. 24GGIPS601N1ZU થી ધરાવીએ છીએ તેમજ સરકારશ્રીના નીતિ નિયમો મુજબ ફાયર સેફટીનું સર્ટીફિકેટ પણ ધરાવીએ છીએ તેમજ અમો કેલીબ્રેશન લેબોરેટરીનું સર્ટીફીકેટ પણ ધરાવીએ છીએ અને અમારૂ લાયસન્સ વખતો વખત રીન્યુઅલ થયેલ છે અને અમો જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢના સુખપુર ગામે 'શ્રી મા શકિત ટ્રેડીંગ' ના નામે એલ.ડી.ઓ. ક્રુડ ના છુટક વિક્રેતા તરીકે અમારો વેપાર ધંધો કરીએ છીએ અને અમો એપેલન્ટ કાયદા અને નિયમ અને કંન્ટ્રોલ ઓર્ડર મુજબ વેપાર ધંધો કરીએ છીએ. એપેલન્ટ કાયદા નિયમ અને કંન્ટ્રોલ મુજબ અને લાયસન્સની જોગવાઈ અનુસાર અને પરવાનાની શરતો મુજબ જરૂરી હીસાબી સાહીત્ય રજીસ્ટરો, ચોપાડાઓ, ભાવનું સ્ટોક બોર્ડ, વાઉચરો, ગેઈટ પાસ, હીસાબી ચોપાડાઓ વિગેરે નિયમીત રીતે રોજીંદા જાળવ્યે છીએ અને તમામ આવશ્યક સાહીત્ય હીસાબો અને રજીસ્ટરો નિયમીત રીતે લખવામાં આવે છે.

૪.૨ જુનાગઢના પ્રાંત અધિકારીશ્રીએ તા. ૦૫/૦૭/૨૦૨૫ ના રોજ અમારી પેઢીમાં અમારી ગેરહાજરીમાં તપાસણી કરેલી અને તે અંગેનો તપાસણી અહેવાલ મામલતદારશ્રી જુનાગઢ(ગ્રામ્ય) પુરવઠા/એલડીઓ/તપાસણી/૦૭/૨૦૨૫ તા.૦૮-૦૭-૨૦૨૫ થી રજુ થયેલ અને તેના આધારે રીસ્પોન્ડન્ટ નં. ૧ ના દ્વારા અમોને નં.પુરવઠા/એન્ફો./ઈસીએ/કેસ/૦૯-૨૦૨૫/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ નોટીસ આપેલી અને અમો એલ.ડી.ઓ.નું વેચાણ કરવા પરવાનો ધરાવતા ન હોવાનું અને પેટ્રોલિયમ પદાર્થ ખરીદી કે વેચાણના તપાસણી સમયે બીલો રજુ કરેલ ન હોવાનું તથા વેચાણના સ્થળે પેટ્રોલિયમ પદાર્થની વિગતો, ભાવ, ઉપલબ્ધ ઉઘડતો જથ્થો દર્શાવેલ ન હોવાનું તેમજ એકસપ્લોઝીવ પરવાનો કે મંજુરી પત્ર તપાસણી સમયે રજુ થયેલ ન હોવાનું તથા સેફટી ફાયરનું પ્રમાણપત્ર સબંધે આધારો રજુ થયેલ ન હોવાનું તથા છુટક વેચાણ લાયસન્સ ન હોવાનું વિગેરે હકીકતોએ આવશ્યક

ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ– ૩, ૯, ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (લાઈસન્સ નિયંત્રણ અને સ્ટોક જાહેરાત) હુકમ ૧૯૮૧ ની કંડિકા ૩, ૧૬, ૧૭, ૧૮ અને ૨૩ મોટર સ્પીરીટ અને હાઈસ્પીડ ડિઝલ(રેગ્યુલેશન ઓફ સપ્લાય, ડિસ્ટ્રીબ્યુશન એન્ડ પ્રિવેન્શન ઓફ માલ પ્રેકટીસ) ઓર્ડર ૨૦૦૫ ની કલમ ૨(એફ), ૨(એફ) (વન), ૨(એફ) (ટુ), ૨(એફ)(થ્રી), ૨(એફ) (ફોર), ૨(એફ)(ફાઈવ), ૨(એફ) (સીકસ), ૩(૪), ૩(૫), ૩(૬), ૩(૭), ૪ પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ ૩, ૪ પેટ્રોલીયમ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૧૪૦ ની જોગવાઈઓનો ભંગ કરેલ હોવાની નોટીસ આપેલ હતી અને તે સબંધે અમો એપેલન્ટ દ્વારા વિગતવાર લેખિત રજુઆત તથા નોટીસમાં જણાવેલી તમામ વિગતોએ દસ્તાવેજી પુરાવા સાથેના દસ્તાવેજો અમો એપેલન્ટ દ્વારા હાજર થઈ લેખિત રજુઆત તથા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ રજુ કરેલા અને અમો એપેલન્ટ દ્વારા કોઈ નિયમ ભંગ કરેલ ન હોવાની રજુઆતો કરેલી હતી અને તે અનુસંધાને રીસ્પોડન્ટ નં. ૧ નાએ તા. ૨૩/૦૨/૨૦૨૬ ના રોજ ઠરાવ આપેલ છે. સદરહું હુકમ સમ્રગ રીતે લક્ષમાં લેવામાં આવે તો જે કારણોસર અમારી સામે કાર્યવાહી કરી અને તેના આધારે તા. ૨૩/૦૨/૨૦૨૬ થી એપેલન્ટનો સીઝ કરવામાં આવેલ ૨૭૦૦ લીટર પેટ્રોલિયમ પદાર્થના ૧૦૦% જથ્થો રાજયસાત કરવાનો હુકમ કરેલ છે તે હુકમ તથા અમો એપેલન્ટ સામે આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ–૧૯૫૫ ની કલમ–૩ નો ભંગ કરેલ હોવાનું અને તેથી અમો એપેલન્ટ સામે કલમ–૭ હેઠળ પોલીસ ફરીયાદ દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલ છે તે હુકમ રદ કરવા નમ્ર અરજ છે.

૪.3 એપેલન્ટે કાયદા, નિયમ અને કંન્ટ્રોલ ઓર્ડર વિરૂધ્ધનું કોઈપણ કૃત્ય કરેલ નહીં હોવા છતાં રીસ્પોન્ડન્ટ દ્વારા તા. ૧૭–૧૨–૨૦૨૫ ની નોટીસ આપવામાં આવેલ સદરહું નોટીસનો અમો એપેલન્ટે જવાબ આપેલો.

૪.૪ એપેલન્ટે કાયદા, નિયમ અને કંન્ટ્રોલ ઓર્ડર વિરૂધ્ધનું કોઈપણ કૃત્ય કરેલ નહીં હોવા છતાં રીસ્પોન્ડન્ટ દ્વારા તા. ૧૭–૧૨–૨૦૨૫ ની નોટીસ આપવામાં આવેલ તે સદરહું નોટીસનો અમો એપેલન્ટે જવાબ આપેલો હતો

પરંતુ અમોને મૌખિક રજુઆત માટે રીસ્પોડન્ટનાએ કોઈ તક આપેલી ન હતી. તેમજ તેઓએ ચકાસણી કરી તે સમયે અમો હાજર ન હતા તેમજ જે તે વખતે કરેલ કાર્યવાહીનું કોઈ ફોટોગ્રાફ કે વિડીયો શુટીંગ કરવામાં આવેલ નથી તેમજ પંચ રોજકામમાં કોઈ તટસ્થ પંચોની હાજરીમાં કરવામાં આવેલ નથી અને આ કહેવાતા કરેલ પંચ રોજકામની નકલ પણ અમોને આપેલ ન હોય જે સંપૂર્ણપણે કાયદાકીય જોગવાઈઓથી વિપરીત તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતોથી વિરૂધ્ધની હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે નમ્ર અરજ છે.

૪.૫ રીસ્પોન્ડન્ટે નોટીસ આપેલ તે બાદ એપેલન્ટે લેખીત રજુઆત રજુ કરેલ. ત્યારબાદ અમો એપેલન્ટને કોઈપણ મૌખીક રજુઆત કરવાની તક આપ્યા વગર નામદાર જિલ્લા કલેકટર, જુનાગઢના સાહેબે વિવાદ વાળો ઠરાવ અને હુકમ તા. ૨૩–૦૨–૨૦૨૬ ના રોજ આપેલ છે. જે ઠરાવ એપેલન્ટને મોકલવામાં આવેલ અને તેથી તુરત જ હાલની અપીલ દાખલ કરેલ છે અને તે રીતે પણ હાલની સમય મર્યાદામાં હોય તેથી પણ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૬ અપીલ રીસ્પોડન્ટનાએ અમારો જથ્થો રાજયસાત કરવા માટે તથા ફોજદારી ફરીયાદ કરવા માટે જે કારણો જણાવેલા છે તે સંપૂર્ણપણે રેકર્ડથી વિપરીત તથા કાયદાકીય જોગવાઈઓથી વિપરીત હોય તેથી પણ અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા, વ્યાજબી તેમજ ન્યાયીક કારણો આવેલા છે. જે ક્ષતીઓ માનવામાં આવેલ છે તે ખરી હકિકતે ક્ષતિ હતી નહી ક્ષતિઓ સંબંધેની લેખિત રજુઆતને કન્સીડર કરી નોટીસ ફાઈલે કરવાના બદલે અમો એપેલન્ટ સામે જે હુકમ કરેલ છે તે નલ એન્ડ વોઈડ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૭ રીસ્પોન્ડન્ટ નં.૧ ની નોટીસના પારા–૧ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે મામલતદારશ્રીએ કરેલ છુટક લાયસન્સ નં. ૦૯/૨૦૨૧ થી કરેલ હુકમ સામે અમો સામાવાળાએ નાયબ કલેકટરશ્રી સાહેબની કોર્ટમાં કરેલ અપીલ અરજી હાલ પેન્ડીંગ છે તેમજ અમો સામાવાળાએ પરવાનાની તથા લાયસન્સની તમામ શરતો અને નીતિ નિયમોનું ચુસ્તપણે આજદીન

સુધી પાલન કરેલ છે અને ભારતીય પેટ્રોલીયમ વિસ્ફોટક મંત્રાલયનું લાયસન્સ નં. એ.પી.ડબલ્યુ.બી.જી.જે. ૧૫/૭૬૩ થી ઈસ્યુ કરવામાં આવેલ છે અને તે મુજબ અમો પરવાના ધારક ૪૪.કે.એલ. એટલે કે ૪૪૦૦૦ લીટર સંગ્રહ કરવાની પરવાનગી ધરાવીએ છીએ અને તેનાથી વિશેષ કોઈ પુરવઠો કહેવાતા ચેકીંગ વખતે હાજર ન હતો અને અગાઉના ચેકીંગ બાદથી એટલે કે નવેમ્બર–૨૦૨૩ પહેલાથી સદરહુ પંપ ઉપર કોઈ વેચાણ અંગેની કાર્યવાહી કરવામાં આવેલ નથી અને જે તે વખતે જે ડિઝલ સીઝ કરેલુ હતુ તેજ જે તે સમયથી ટાંકામાં પડતર હતુ અને આટલા લાંબા સમય બાદ પડતર હોવાના કારણે તેના રીપોર્ટમાં ફેરફાર આવવાની સંભાવના હોય છે અને હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી અને તદન ખોટી રીતે હાલની નોટીસ આપવામાં આવેલી હોય જે રદ કરવા નમ્ર અરજ છે કારણ કે અમો સામાવાળા પાસે કાયદેસર સંગ્રહ કરવાનો પરવાનો આજની તારીખે પણ અમલમાં છે અને તે પરવાનો સક્ષમ ઓથોરીટી દ્વારા રદ કરવામાં આવેલ ન હોય તેથી તે સંજોગોમાં હાલની નોટીસ સંપુર્ણપણે ગેરકાયદેસર અને પ્રિમેચ્યોર હોય તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૮ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ ચેકીંગ વખતે બહારગામ હતા તેમજ ઉપરોકત પારામાં જણાવ્યા મુજબ પંપ બંધ હોવાના કારણે અને તેથી ખરીદ વેચાણ બંધ હોય તેથી સ્થળ ઉપર જે તે વખતે બીલો હાજર ન હોય તે સ્વભાવિક વસ્તુ છે આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન

હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૯ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૩ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે ઉપરોકત પારામાં જણાવ્યા મુજબ પંપ બંધ હોવાના કારણે ભાવોની વિગત, ઉપલબ્ધ જથ્થો, ડેન્સીટી, વિગેરે હકીકત જયારે પંપ બંધ હોય ત્યારે તે બોર્ડમાં દર્શાવવાની કોઈ જરૂરીયાત રહેતી નથી તેમ છતા પણ અગાઉના પડેલા જથ્થા સબંધેની વિગતો સ્થળ ઉપર બોર્ડમાં લગાવવામાં આવેલી હતી. આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૦ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૪ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ ચેકીંગ વખતે બહારગામ હતા તેમજ ઉપરોકત પારામાં જણાવ્યા મુજબ પંપ બંધ હોવાના કારણે તથા અમો બહારગામ હોવાથી અને સદરહુ દસ્તાવેજો લોક એન્ડ કી માં હોય અને તેની ચાવી માણસો પાસે ન હોવાથી જે તે વખતે સ્થળ ઉપર હાજર ન હોવાના કારણે રજુ થઈ શકેલ ન હતી અને ત્યારબાદ રજુ કરેલી હતી હાલ આ સાથે રજુ છે. આ રેકર્ડ ઉપરની આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

Sessions Judge
Junagadh

૪.૧૧ રિસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૫ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ પાસે સેફટી સબંધેના તમામ સાધનો ઉપલબ્ધ છે અને તેનું લાયસન્સ પણ આ સાથે રજુ છે અને ત્યારબાદ રજુ કરેલી હતી હાલ આ સાથે રજુ છે. આ રેકર્ડ ઉપરની આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નહી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૨ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૬ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને જે તે વખતે જપ્ત કરેલ તમામ મુદામાલ જુનાગઢ કોર્ટના ચોથા જયુડી. મેજી. સાહેબનાએ મુકત કરેલ છે. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા અમારી રજુઆતને યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૩ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૭ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે

કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને તેથી ખરીદ વેચાણ બંધ હોય આ સંજોગોમાં તેને લગતા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તેથી તેમજ જયારે ખરીદ વેચાણ બંધ હોય તેથી તેના ભાવ સ્થળ ઉપર ન હોય તે સ્વાભાવિક છે અને તે ભાવ સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવતા હોય છે તેમાં અમો કોઈ ફેરફાર કરી શકતા નથી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૪ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની આપ સાહેબની નોટીસ પારા-૮ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી તે સબંધેના કોઈ હિસાબો રાખવાના થતા નથી. આ હકીકતને યોગ્ય રીતે કન્સીડર કરેલ ન હોય તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૫ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા-૯ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે

કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી બંધ જથ્થાનું કોઈ સ્ટોક રજીસ્ટર સને નવેમ્બર ૨૦૨૩ ની સ્થીતી બાદ આવા કોઈ સ્ટોક રજીસ્ટરમાં એન્ટ્રી થયેલ નથી અને અગાઉના સ્ટોક રજીસ્ટર પત્ર પુરવઠા શાખામાં અમોએ જમા કરાવી આપેલા છે. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા તેને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૬ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૦ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ જે તે વખતે ડીપચાર્ટ રજુ કરેલો હતો. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા તેને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૭ રીસ્પોન્ડન્ટ નં.૧ ની નોટીસના પારા–૧૧ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી કોઈ ગ્રાહકો સબંધેની વિગતો ઉપલબ્ધ ન હોય તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો

એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૮ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૨ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી. આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી કોઈ માસિક પત્રકો રજુ કરવાના થતા ન હોય તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી તેથી હાલની નોટીસ રદ કરવા માટે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૧૯ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૩ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે આ સંજોગોમાં કોઈ ખરીદ વેચાણ થતુ ન હોય તેથી વેચાણ બીલમાં ગ્રાહક નંબર, નામ, મોબાઈલ નંબર, વેચાણ કરેલ જથ્થાની વિગત, ભાવ, તારીખ, વિગેરેના કોઈ દસ્તાવેજો હોય નહી તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી. અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ

કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૦ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૪ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ પાસે સંગ્રહ જથ્થો કરવા કાયદેસરનો પરવાનો આવેલ છે અને અમારી પાસે ૪૪૦૦૦ લીટર જથ્થો સંગ્રહ કરવાનો પરવાનો આવેલ છે અને તે જે તે વખતે રજુ કરેલ હતી. અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૧ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૫ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને મીટર રીડીંગનું રજીસ્ટર અપીલના કામે રજુ કરેલ છે તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતા અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૨ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૬ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે જે તે વખતે જુનાગઢ તાલુકા પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ હતુ જે નામદાર કોર્ટના હુકમ મુજબ અમોને પરત આપવા હુકમ થયેલ છે. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે

કન્સીડર કરવામાં આવેલ નથી. અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૩ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૭ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને ડેન્સીટી રજીસ્ટર તથા સીકકા વિગેરે અપીલના કામે રજુ કરેલ છે. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૪ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૮ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે જે તે વખતે જુનાગઢ તાલુકા પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ હતુ, જે નામદાર કોર્ટના હુકમ મુજબ અમોને પરત આપવા હુકમ થયેલ છે અને ત્યારબાદ અમારો પરવાનો રીન્યુ થયેલ ન હોય તેથી મુકત થયેલ મુદામાલ વાળુ બાયો ડિઝલ જેમનુ તેમ રાખવામાં આવેલ હોય અને આટલા લાંબા સમય બાદ તે કારણોસર તેના પેરામીટરોમાં ફેરફાર આવેલ હોય, આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી. અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ

Sessions Judge
Junagadh

મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૫ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૧૯ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને તેને લગતા તમામ દસ્તાવેજો અપીલના કામે રજુ કરેલ છે તેથી પણ નોટીસ રદ કરવા સબંધે કરેલી રજુઆતોને રીસ્પોન્ડન્ટ નં. ૧ નાએ યોગ્ય રીતે કન્સીડર કરેલ ન હોય અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૬ રિસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨૦ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને તેને લગતા તમામ દસ્તાવેજો અપીલના કામે રજુ કરેલ છે અને તે તમામ યોગ્ય અને સરકારશ્રીના નીતિ નિયમો મુજબ આવેલા છે તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતા અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

Sessions Judge
Junagadh

૪.૨૭ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨૧ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ દ્વારા સને ૨૦૨૩ થી આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તેને લગતા તમામ દસ્તાવેજો અપીલના કામે રજુ કરેલ છે અને તે નીતિ નિયમો મુજબ આવેલા છે તે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૮ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨૨ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો મુજબ કોઈ બનાવ બનેલ નથી કે કોઈ ગેરરીતી આચરવામાં આવેલ નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને ત્યારથી પંપ બંધ છે કોઈ ખરીદ કે વેચાણ થયેલ નથી અને તેથી નોટીસમાં જણાવેલી હકીકતો ખરી ન હોય તે સબંધે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૨૯ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨૩ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો ખરા નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી સબંધે ત્યારબાદ અમારૂ લાયસન્સ તે કારણોસર

Sessions Judge
Junagadh

રીન્યુઅલ કરવામાં આવેલ ન હતુ તે સબંધે અમોએ અપીલ કરેલ છે અને તે સબંધે કલેકટર સાહેબશ્રીની કોર્ટમાંથી આજદીન સુધી અમોને કોઈ જાણ કરવામા આવેલ નથી અને ત્યારથી પંપ બંધ છે તેમ છતા પણ ફાયરનું લાયસન્સ લેવામાં આવેલ છે અને અમારી પેઢી દ્વારા સેફટી સબંધે ધારા ધોરણ મુજબ અમારો પંપ શૈક્ષણિક સંકુલથી દુર આવેલ છે અને અમારા દ્વારા તમામ સેફટી રૂલ્સ મુજબ લાયસન્સ મળવા પાત્ર હોય તેથી ફાયરનું લાયસન્સ આપવામાં આવેલ છે જે આ સાથે રજુ છે તેથી પણ અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૩૦ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨૪ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો મુજબ કોઈ બનાવ બનેલ નથી કે કોઈ ગેરરીતી આચરવામાં આવેલ નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી બાદ જુનાગઢ કોર્ટ દ્વારા તમામ દસ્તાવેજી પુરાવાઓ કન્સીડર કરી મુદામાલ અમોને પરત સોંપેલ છે જે હુકમ રજુ કરેલ હતો પરંતુ તેને પણ યોગ્ય રીતે કન્સીડર કરેલ નથી. અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૩૧ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨૫ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો ખરા નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી બાદ પંપ બંધ હોવાથી આ પારામાં જણાવેલી હકીકતો ખરી નથી. સુરેશભાઈ

અશ્વિનભાઈ ગોહીલ દ્વારા આ પારામાં જણાવ્યા મુજબનું કોઈ નિવેદન આપવામાં આવેલ જ નથી અને આ નામની કોઈ વ્યકિત અમારે ત્યા કામ પણ કરતી ન હતી અને આ વ્યકિતને રીસ્પોન્ડન્ટ નં.૧ તરફથી કોઈ નોટીસ પણ બજાવેલ નથી અને તેમ છતા પણ યોગ્ય બજવણી વિના હુકમ કરેલો છે તે અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૩૨ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા–૨૬ ના સબંધે જણાવવાનું કે અમો એપેલન્ટ સામે આ પારામાં કરવામાં આવેલ આક્ષેપો ખરા નથી તેમજ આ અગાઉ જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં થયેલ કાનુની કાર્યવાહી બાદ પંપ બંધ હોવાથી અને જે તે વખતે સીઝ કરવામાં આવેલ ડીઝલનો જથ્થો આજની તારીખે પણ જેમનો તેમ હોય અને આટલા લાંબા સમય બાદ જે સેમ્પલ લેવામાં આવેલા તે સેમ્પલમાં સાંબા સમયના કારણે તેના પેરામિટરમાં ફેરફાર આવે તે સ્વાભાવિક છે અને આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતા અમારી સામે ખોટી કાર્યવાહી રાગદ્વેશ રાખીને ખોટી રીતે નોટીસ કરવામાં આવેલી છે અને આ હકીકત રેકર્ડ ઉપર છે કારણ કે જુનાગઢ કોર્ટ દ્વારા યોગ્ય હુકમ પણ કરવામાં આવેલ છે આ રેકર્ડ ઉપરની તમામ હકીકતોને યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ નથી. અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૩૩ રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના પારા ૧ થી ૨૬ નો વિગતવાર દસ્તાવેજી પુરાવા સાથે જવાબ આપેલો હતો અને માત્ર ને માત્ર નોટીસમાં રેકર્ડથી વિપરીત અને ખોટા આક્ષેપો કરવામાં આવેલ હતા. કુદરતી ન્યાયના

પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન યોગ્ય રીતે કરવું જરૂરી અને આવશ્યક છે પરંતુ તે મુજબ યોગ્ય રીતે મુલ્યાંકન કરવામાં આવેલ નથી અને કાયદાકીય જોગવાઈઓથી વિપરીત હાલનો હુકમ ખોટી રીતે કરવામાં આવેલ છે અને કરવામાં આવેલ હુકમ અને તેમાં આપવામાં આવેલા તારણો રેકર્ડથી વિપરીત છે અને તેમ છતા પણ રાજકીય અને અન્ય લોકોની ગેર રજુઆતો ના કારણે ખોટા પુરાવાઓ ઉભા કરી અને તેના આધારે ખોટી હકીકતો વાળી નોટીસમાં ખોટા કથનો કરી ખોટા આક્ષેપો કરવામાં આવેલ અને સને ૨૦૨૩ થી પંપ બંધ છે, કહેવાતા ચેકીંગ સમયે અમો એપેલન્ટ મુંબઈ ગયેલા હતા, સ્થળ ઉપર હાજર ન હતા અને તટસ્થ પંચોની હાજરીમાં કોઈ રોજકામ કરવામાં આવેલ નથી, વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી તેમજ જે જથ્થો સીઝ કરવામાં આવલો છે તે જથ્થો સને ૨૦૨૩ માં સીઝ કરેલો હતો અને તે જથ્થો નામદાર કોર્ટ દ્વારા મુકત કરવામાં આવેલો હતો તે જ જથ્થો ફરીથી સીઝ કરીને ખુલ્લેઆમ કાયદાકીય જોગવાઈઓનો ભંગ કરવામાં આવેલ હતો તેમજ જે જથ્થો સીઝ કરવામાં આવેલ છે તે જથ્થો પણ અમો એપેલન્ટના પરવાનાની મર્યાદાથી ૫ % થી પણ ઓછો છે તેમજ આ જથ્થામાં કોઈ ભેળસેળ પણ નથી જે અગાઉના રીપોર્ટથી રેકર્ડ ઉપર આવેલું છે. આ તમામ હકીકતોને ધ્યાને લેતા અમારી પેઢી સામે પ્રાઈમાફેસી કોઈ ગેરરીતીનો કોઈ ગુનો બનતો ન હોવા છતા ખોટી હકીકતો વાળી નોટીસના આધારે હાલનો હુકમ કરવામાં આવેલ છે તે હુકમ સંપુર્ણપણે ભુલ ભરેલો અને કાયદાકીય જોગવાઈઓથી વિપરીત અને ખરો ન હોય તેથી તેમજ અમો એપેલન્ટ દ્વારા રીસ્પોન્ડન્ટ નં. ૧ ની નોટીસના અનુસંધાને આપેલ જવાબ તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ તથા લેખિત રજુઆતને યોગ્ય રીતે કન્સીડર ન કરીને જે હુકમ કરવામાં આવેલ છે તે હુકમ સંપુર્ણપણે ભુલભરેલો છે. અમો એપેલન્ટ તરફથી ઉપરોકત હકીકતે જે રજુઆતો કરવામાં આવેલી હતી તેને રીસ્પોન્ડન્ટ તરફથી યોગ્ય રીતે કન્સીડર કરવામાં આવેલ ન હોય અને આમ કરવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ

હાલની અપીલ મંજુર કરવા માટે રેકર્ડ ઉપર પુરતા વ્યાજબી અને ન્યાયિક કારણો આવેલા છે તેથી અપીલ મંજુર કરવા નમ્ર અરજ છે.

૪.૩૪ રીસ્પોન્ડન્ટ નં. ૧ નો વિવાદ વાળો હુકમ સમગ્ર રીતે કાયદા, નિયમ, કન્ટ્રોલ ઓર્ડર તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનો તેમજ પ્રસ્થાપીત ઉચ્ચ અદાલતોના સિધ્ધાંતો વિરૂધ્ધનો ગેરકાયદેસર અને આપખુદ ભર્યો હોય રદ થવા પાત્ર છે.

૪.૩૫ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો સમગ્ર હુકમ / ઠરાવ એપેલન્ટની વિરૂધ્ધનું અનુમાન કરીને કરેલ છે. તેમજ અમો એપેલન્ટ તરફે પડકારેલ ઘણી બધી બાબતો પૈકી કોઈપણ બાબતની હકીકતોને ધ્યાને નહીં લઈને હાલનો વાદગ્રસ્ત હુકમ કરેલ છે. જે પ્રથમથીજ અને મુળથી જ ભુલ ભરેલો અને સંપૂર્ણ અને ક્ષતિ યુકત હોય રદ થવા પાત્ર છે.

૪.૩૬ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો તટસ્થ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓને કે તેનું વાસ્તવીક અર્થઘટન નહીં કરીને રેકર્ડ ઉપરની હકીકતોથી વિપરીત અને તદન ખોટુ અને અનુમાન આધારીત ખોટુ અર્થઘટન કરીને તેમજ કાયદાની પ્રીસીડન્ટ ફોલોઅપ કરેલ નથી તેથી પણ હુકમ / ઠરાવ રદ થવાને પાત્ર છે.

૪.૩૭ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવેતો કરેલ હુકમ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ-૩, ૯, ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (લાઈસન્સ નિયંત્રણ અને સ્ટોક જાહેરાત) હુકમ ૧૯૮૧ ની કંડિકા ૩, ૧૬, ૧૭, ૧૮ અને ૨૩ મોટર સ્પીરીટ અને હાઈસ્પીડ ડિઝલ(રેગ્યુલેશન ઓફ સપ્લાય, ડિસ્ટ્રીબ્યુશન એન્ડ પ્રિવેન્શન ઓફ માલ પ્રેકટીસ) ઓર્ડર ૨૦૦૫ ની કલમ ૨(એફ), ૨(એફ)(વન), ૨(એફ) (ટુ), ૨(એફ)(થ્રી), ૨(એફ)(ફોર), ૨(એફ)(ફાઈવ), ૨(એફ)(સીકસ), ૩(૪), ૩(૫), ૩(૬), ૩(૭), ૪ પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ ૩, ૪ પેટ્રોલીયમ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૧૪૦ ની

Sessions Judge
Junagadh

જોગવાઈઓના પ્રોવીઝન વિરૂધ્ધનો અને પ્રસ્થાપીત કાયદાના સિધ્ધાંતો વિરૂધ્ધનો હોય તેથી પણ તે રદ થવાને પાત્ર છે.

૪.૩૮ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો કરેલ હુકમમાં કાયદાની તથા હકીકતોની ગંભીર પ્રકારની ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૩૯ રીસ્પોડન્ટ નં. ૧ દ્વારા આપવામાં આવેલ ઠરાવ જોવામાં આવે તો કોઈપણ પ્રકારે માઈન્ડ એપ્લાય કર્યા વિના અને રેકર્ડ ઉપરની હકીકતો અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા વિના હુકમ કરેલ છે. જે રદ થવાને પાત્ર છે.

૪.૪૦ ઉપરોકત જણાવ્યા મુજબ આ અપીલ મંજુર કરવા તથા રીસ્પોન્ડન્ટ નં. ૧ નં.પુરવઠા/એન્ફો./ઈસીએ/કેસ/૦૯-૨૦૨૫/૨૦૨૫ થી ૨૩/૦૨/૨૦૨૬ ના હુકમથી સીઝ કરવામાં આવેલ ૨૭૦૦ લીટર પદાર્થના ૧૦૦% જથ્થો રાજયસાત કરવા તથા રાજયસાત કરાયેલ જથ્થાનો આખરી નિકાલ થયા બાદ આનુસાંગિક સાધનો મુકત કરવા તથા સરકારશ્રીના પુરવઠા વિભાગના પ્રવર્તમાન ધારા ધોરણ અને પરીપત્ર મુજબ તથા રાજયસાત કરેલો જથ્થો પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગર તથા અમો એપેલન્ટ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩ નો ભંગ કરેલ હોય અને કલમ ૭ હેઠળ પોલીસ ફરીયાદ કરવાનો જે હુકમ કરેલ છે તે ખરો કે કાયદેસરનો નથી તેવું ઠરાવી આપવા અને કરેલ હુકમ સંપુર્ણ રીતે રદ ઠરાવવા અને જથ્થો રાજયસાત કરવાનો કરેલ હુકમ તથા એપેલન્ટ સામે પોલીસ ફરિયાદ કરવાનો કરવામાં આવેલ હુકમ રદ ઠરાવવા તથા આ અપીલની હકીકતને અનુરૂપ મળી શકતી અને અપાવી શકાતી અન્ય તમામ દાદ તથા ખર્ચ રીસ્પોન્ડન્ટ પાસેથી અપાવવા નમ્ર અરજ છે.

૪.૪૧ ઉપરોકત લેખિત રજુઆતના ટુંકા મુદાઓ તથા રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓ તથા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ તથા અપિલ અરજી તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વિગેરેને તથા હાલની અપીલ અરજીની સુનવણી વખતે જે મૌખિક રજુઆતો કરવામાં આવે તેને ધ્યાને લઈ અપીલ મંજુર કરવા અને ૨૭૦૦ લીટર પદાર્થના ૧૦૦% જથ્થો રાજયસાત કરવાનો

હુકમ રદ કરવા ન્યાયના હિતમાં હુકમ ફરમાવવા તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩ નો ભંગ કરેલ હોય અને કલમ ૭ હેઠળ પોલીસ ફરીયાદ કરવાનો જે હુકમ કરેલ છે તે ખરો કે કાયદેસરનો નથી તેવું ઠરાવી આપવા અને કરેલ હુકમ સંપુર્ણ રીતે રદ ઠરાવવા નમ્ર અરજ છે.''

(૫) **સામાવાળા/સરકાર તર્ફે લેખિત રીમાર્કસ :–** આ કામે સામાવાળા/સરકાર તરફે આંક–૨૬ થી લેખિત રીમાર્કસ રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

તારીખ	વિગતો	ફલેગ નંબર
તા.૦૭/૦૨/૨૦૨૩	ના રોજ નિયત ફોર્મમાં એલ.ડી.ઓ. પરવાનો મેળવવા અરજી કરવામાં આવેલ	૧
તા.૧૧/૦૩/૨૦૨૩	અત્રેના પત્રથી અરજદારશ્રીને જરૂરી આધાર પુરાવાઓ રજુ કરવા જાણ કરવામાં આવેલ	૨
તા.૧૩/૦૩/૨૦૨૩	અરજદારશ્રી ધ્વારા તા:૧૩/૦૩/૨૦૨૩ પત્રથી આધાર–પુરાવાઓ રજુ કરેલ	૩
તા.૦૭/૦૩/૨૦૨૩	આ કચેરીના પત્રથી અરજદારશ્રીના અરજી ફોર્મની સાથે રજુ થયેલ (એલ.ડી.ઓ.) ખરીદી માટેના એગ્રીમેન્ટની નકલો સેલ્સ મેનેજરશ્રી "નાયરા એન્જી લી" તા.ખંભાળીયા, જિલ્લો. દેવભૂમી ધ્વારકા ને ખરાઈ અર્થે મોકલેલ	૪
તા.૧૮/૦૩/૨૦૨૩	આ સમયગાળા દરમ્યાન અરજદારશ્રીને (એલ.ડી.ઓ.છુટક –વિક્રેતા) તરીકેનો પરવાનો લાયસન્સની શરતો સાથે ઈસ્યું કરવામાં આવેલ.	૫
તા.૧૮/૦૪/૨૦૨૩	આ કચેરીના પત્રના અનુસંધાને "નાયરા એન્જી લી" તા.ખંભાળીયા, જિલ્લો.દેવભૂમી ધ્વારકા ના પત્રથી અત્રેને જણાવેલ કે, "માં શકિત ટ્રેડર્સ' મું.સુખપુર" ના પ્રો. રવિભાઈ પાંચાભાઈ સરવૈયા, સાથે કંપની ધ્વારા એલ.ડી.ઓ./ એચ.એસ.ડી. ખરીદ વેચાણ અંગેના કોઈ પણ જાતનો એગ્રીમેન્ટ કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે.	૬
તા.૧૦/૧૧/૨૦૨૩	તા:૨૫/૦૮/૨૦૨૩ના રોજ પોલીસ વિભાગ ધ્વારા "માં શકિત ટ્રેડર્સ' મું.સુખપુર" (એલ.ડી.ઓ. છુટક વિક્રેતા) ની તપાસણી કરવામાં આવેલ તથા જથ્થો સીઝ કરવામાં આવેલ જેનો અહેવાલ આ કચેરીને કરેલ.	૭

Sessions Judge
Junagadh

તા.૨૫/૦૮/૨૦૨૩	ના રોજ પોલીસ વિભાગ ધ્વારા નોંધેયેલ પોલીસ ફરીયાદ / કેસ પેપર્સ	૮
તા.૨૫/૦૮/૨૦૨૩	પોલીસ વિભાગ ધ્વારા "માં શકિત ટ્રેડર્સ' મું.સુખપુર" કરાયેલ તપાસણી સમયે કરેલ પંચનામું જેમાં તપાસણી સમયે "માં શકિત ટ્રેડર્સ' મું.સુખપુર" પેઢીના કર્મચારી ધ્વારા અન અધિકૃત રીતે વાહન નં.જીજે-૧૪-ઝેડ-૩૩૯૫ માં (અત્રેના લાય.ની શરતોની વિરૂધ્ધ) ફીલીંગ કરવામાં આવતું હોવાનું જાહેર થતાં પોલીસ વિભાગ ધ્વારા જથ્થો સીઝ કરવામાં આવેલ અને પ્રવાહીના નમુનાઓ મેળવવામાં લેવામાં આવેલ તથા સ્થળ ખાતેના ગોડાઉન ને શીલ કરવામાં આવેલ.	૯
તા.૩૦/૧૦/૨૦૨૩	ઉપર મુજબ લેવાયેલ નમુના નિયામક, ન્યાય સહાય વિજ્ઞાનની કચેરી (ગુ.રા.) ગાંધીનગર નો પરીક્ષણ રિપોર્ટ	૧૦
તા.૦૯/૧૧/૨૦૨૩	નામ.ચોથા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ, જુનાગઢ ધ્વારા "માં શકિત ટ્રેડર્સ કું." પેઢીના પ્રો.પા. રવીભાઈ પાંચાભાઈ સરવૈયા, જુનાગઢ વાળાની ક્રિ.પો..કોડની ક.-૪૫૧ની અરજી અન્વયે નામ.કોર્ટ ધ્વારા અરજદારને તેઓ ના જાત મુચરકા તથા દોઢી રકમના જામીન શરતોને આધીન રહી પોલીસ વિભાગ ધ્વરા સીઝ કરેલ જથ્થો તથા અરજદારના ગોડાઉનમાં કરાયેલ શીલ ખોલી આપવા અને પરત શોંપવાનો (પોલીસ સબ ઈન્સ. જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન, જુનાગઢ) ને હુકમ કરવામાં આવેલ.	૧૧
તા.૧૧/૧૨/૨૦૨૩	અરજદાર રવીભાઈ પાંચાભાઈ સરવૈયા,રહે. દોલતપરા, જુનાગઢ ધ્વારા આ કચેરીને તેઓનો એલ.ડી.ઓ. પરવાનો રિન્યું કરવા આ કચેરીને અરજી કરેલ.	૧૨
તા.૧૯/૧૨/૨૦૨૩	અરજદારની પરવાનો રિન્યું બાબતેની અરજીના અનુસંધાને આ કચેરીના ખાનગી પત્રથી અરજદારને નોટીસ ઈસ્યું કરી અરજદારને મામલતદારશ્રી, જુનાગઢ-ગ્રામ્ય રૂબરૂ તેમનો પરવાનો રદ શા માટે ન કરવો ? તે બાબતે અધિકૃત વકિલ - મુખત્યાર મારફતે આધારો સહ હાજર રહેવા તથા મુદતે હાજર રહેવામાં કે રજુઆત કરવામાં નિષ્ફળ ગયેથી અરજદારશ્રી રજુઆત કરવા માંગતા નથી તેમ માની અત્રેથી નિયમોનુંસારની કાર્યવાહી કરવામાં આવશે તેમ અરજદારશ્રીને જાણ કરવામાં આવેલ.	૧૩

Sessions Judge
Junagadh

તા.૦૧/૦૧/૨૦૨૪	ના રોજની મુદતે અરજદારશ્રી મામલતદારશ્રી, જુનાગઢ-ગ્રામ્ય સમક્ષ રૂબરૂ હાજર રહેલ અને તેઓને અગાઉ પોલીસ વિભાગ દ્વારા તપાસણી કરેલ જે બાબતે અરજાદરશ્રીએ નામ.કોર્ટ માંથી જથ્થો છુટો કરવા અંગેના હુકમની નકલ રજુ કરેલ આ આસીવાય અન્ય કોઈ કાગળો મુદતે રજુ કરેલ નથી તથા તેમનો પરવાનો રિન્યું કરવા મૌખીક જણાવેલ	૧૪
તા.૧૨/૦૧/૨૦૨૪	હુકમથી અરજદારશ્રીનો (એલ.ડી.ઓ. છુટક વિક્રેતા) નો પરવાનો ઉકત જણાવેલ તા:૧૮/૦૪/૨૦૨૩,તથા તા:૨૫/૦૮/૨૦૨૩ ના રોજ પોલીસ વિભાગ દ્વારા "માં શકિત ટ્રેડર્સ' મું.સુખપુર" કરાયેલ તપાસણી સમયે કરેલ પંચનામું જેમાં તપાસણી સમયે "માં શકિત ટ્રેડર્સ' મું.સુખપુર" પેઢીના કર્મચારી દ્વારા અન અધિકૃત રીતે વાહન નં.જીજે-૧૪-ઝેડ-૩૩૯૫ માં (અત્રેના લાય.ની શરતોની વિરૂધ્ધ) ફીલીંગ કરવામાં આવતું હોવાનું જાહેર થતાં અત્રેથી ઈસ્યું કરવામાં આવેલ (એલ.ડી.ઓ. છુટક વિક્રેતા) પરવાનાની શરતો- બોલીઓનો અરજદારશ્રી દ્વારા ભંગ કરવામાં આવેલ હોય જેથી અરજદારશ્રીનો (એલ.ડી.ઓ. છુટક વિક્રેતા) નો પરવાનો કાયમી માટે રદ કરવામાં આવેલ તથા હુકમની નકલ પોલીસ વિભાગને પણ મોકલી આપવામાં આવેલ તથા અસલ પરવાનો અત્રેની કચેરી ખાતે જમા લેવામાં આવેલ છે.	૧૫
તા.૨૨/૦૩/૨૦૨૪	ના પત્રથી જિલ્લા પુરવઠા અધીકારીશ્રીના પત્ર ધ્વારા અરજદારશ્રી ધ્વારા આ કચેરીના તા:૧૨/૦૧/૨૦૨૪ થી કરાયેલ પરવાનો રદના હુકમ અન્વયે કરવામાં આવેલ અપીલ અરજીમાં જરૂરી આધાર પુરાવાઓ રજુ કરવા જાણ કરવામાં આવેલ.	૧૬
તા.૨૬/૦૬/૨૦૨૫	અરજદારશ્રી દવારા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જુનાગઢને એલ.ડી.એ. લાયસન્સ પરવાનો નિયમિત કરી આપવા કરાયેલ અપીલ અરજી	૧૭
તા.૦૪/૦૭/૨૦૨૫	ના પત્રથી જિલ્લા પુરવઠા અધીકારીશ્રીના પત્ર ધ્વારા અરજદારશ્રી ધ્વારા આ કચેરીના હુકમ તા:૧૨/૦૧/૨૦૨૪ થી કરાયેલ તેમનો એલ.ડી.ઓ પરવાનો રદ કર્યાના હુકમ અન્વયે કરવામાં આવેલ અપીલ અરજીમાં અત્રેને રજુ કરેલ જરૂરી આધાર પુરાવાઓ રજુ કરવા	૧૮

	જણાવવામાં આવતાં	
તા.૦૮/૦૭/૨૦૨૫	આ કચેરીના પત્ર થી તા:૦૫/૦૭/૨૦૨૫ ના રોજ પ્રાંત અધિકારીશ્રી, જુનાગઢ દ્વારા "માં શકિત ટ્રેડર્સ" મું.સુખપુરની ખાનગી બાતમીના આધારે તપાસણી કરતા તે અંગેનો અહેવાલ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જુનાગઢને કરવામાં આવેલ.	૧૯
તા.૦૫/૦૭/૨૦૨૫	પેઢીના સંચાલકશ્રી રવીભાઈ પાંચાભાઈ ગેરહાજર હોય "માં શકિત ટ્રેડર્સ" માં (એલ.ડી.ઓ.) ભરી આપવાનું કામ કરતા (સુરાભાઈ અશ્વિનભાઈ ગોહેલ, રહે.ટીંબાવાડી-જુનાગઢ) વાળાનું લેવાયેલ નિવેદનમાં જણાવેલ છે કે, સદરહું પેઢી/ધંધાના માલીક રવીભાઈ પાંચાભાઈ સરવૈયા પગાર તરીકે મહિને રૂા.૯,૦૦૦/- આપે છે અને તેમની સુચના મુજબ અમો અહી કામ કરીયે છીએ અને અહી આવતા તમામ વાહનો જેમાં ટ્રક, લકઝરી બસો, ખટારા વિ. મોટા વાહનો અહી ઈન્ધણ ભરવા આવે ત્યારે તેમને હું ડિસ્પેંશર મશીન માંથી (એલ.ડી.ઓ.) ભરી આપું છું. તેવું સ્વિકારેલ છે.	૨૦
તા.૦૫/૦૭/૨૦૨૫	તપાસણી સમયે કોઈ કાયદેશરના પરવાનાઓ, જથ્થો આવક જાવક રજીસ્ટરો,સ્ટ્રોક પત્રક, બિલો કે પહોંચ રજુ કરેલ નથી અને (એલ.ડી.ઓ.) નો જથ્થો ખરીદ કર્યા અંગેના આધારો રજુ કરેલ ન હોય આવશ્યક ચિજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની જોગવાઈ તથા ગુજરાત આવશ્યક ચિજવસ્તુઓને વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ-૧૯૮૧ તથા પેટ્રોલીયમ રૂલ્સ-૨૦૦૨ ની જોગવાઈઓનો સરેઆમ ભંગ કરવામાં આવેલ હોય જેથી "માં શકિત ટ્રેડર્સ" મું.સુખપુર ખાતેનો (એલ.ડી.ઓ.) નો જથ્થો તથા આનુસાંગીક સાધનો ખસેડી શકાય તેમ ન હોય, આથી આ જથ્થો યથા સ્થિતીમાં જાળવી રાખવા સીઝર હુકમમાં જણાવી સીઝ કરવામાં આવેલ છે.	૨૧
તા.૦૫/૦૭/૨૦૨૫	તપાસણી સમયે કરવામાં આવેલ પંચરોજકામ તથા આ તપાસણી સમયે માલીક રવિભાઈ પાંચાભાઈ સરવૈયા, રહે. દોલતપરા-જુનાગઢ વાળા હાજર રહેલ ન હોય તેઓને તા:૦૭/૦૭/૨૦૨૫ ના રોજ પ્રાંત કચેરી, જુનાગઢ ખાતે રૂબરૂ હાજર રહેવા કરવામાં આવેલી જાણ.	૨૨

Sessions Judge
Junagadh

તા.૦૮/૦૭/૨૦૨૫	રવિભાઈ પાંચાભાઈ સરવૈયા, પ્રાંત કચેરી, જુનાગઢ ખાતે હાજર રહી તેમના દ્વારા આપેલ નિવેદનની વિગતોમાં તેઓ સ્વિકારે છે કે, મારી પાસે એલ.ડી.ઓ. પરવાનો હતો પરંતુ પોલીસ વિભાગ દ્વારા થયેલ તા:૨૫/૦૮/૨૦૨૪ ની તપાસીણ બાદ પરવાનો રદ કરવામાં આવેલ જે અંગેની અપીલ હાલ ચાલુમાં છે તેમજ અમો આ એલ.ડી.ઓ. ESSAR કંપનીમાંથી ડિલરો મારફતે મંગાવું છું.	૨૩
તા.૦૯/૦૭/૨૦૨૫	જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જુનાગઢની કચેરીના પત્રથી તા. ૦૫-૦૭-૨૦૨૫ ની તપાસણી દરમ્યાન લેવામાં આવેલ નમુના ગાંધીનગર ખાતે અન્ન અને નાગરીક પુરવઠા કચેરીને મોકલી આપવામાં આવેલ.	૨૪
તા.૨૨/૦૯/૨૦૨૫	નિયામકશ્રી અન્ન અને નાગરીક પુરવઠા, ગાંધીનગરના પત્રથી તા:૦૯/૦૭/૨૦૨૫ના પત્રથી મોકલી આપેલ નમુના નું પરીક્ષણ થયા બાદનો રિપોર્ટ/ અહેવાલની નકલ.	૨૫

૫.૧ મુળ સામાવાળા સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, કલેકટર સાહેબે કરેલ હુકમ કાયદા મુજબનો યોગ્ય અને ન્યાયીક હોય જેથી અરજદારની અપીલ નામંજુર કરવા દલીલ કરેલ છે.

(૬) પોઈન્ટસ ફોર ડીટરમીનેશનઃ-

આ કામનું રેકર્ડ, જજમેન્ટ, અપીલ મેમો, આરોપીનાં વિ.વ.શ્રી ની દલીલો, વિ.એ.પી.પી.શ્રીની દલીલો લક્ષમાં લેતા આ અપીલનાં નિર્ણય માટે સી.આર.પી.સી.ની કલમ-૩૮૭ સાથે ૩૫૪(૧)(બી) વંચાણે લેતાં નીચે મુજબનાં પોઈન્ટસ ઊપસ્થિત થાય છે.

૬.૧)શું કલેકટરશ્રી, જુનાગઢનાઓનો જે હુકમ અત્રે પડકારેલ છે તે હુકમ ગેરકાયદેસર છે ?

૬.૨)શું હુકમ ?

Sessions Judge
Junagadh

(૭) **મુદ્દાનાં જવાબઃ–**

૬.૧) ચર્ચા મુજબ 'નકારમાં''

૬.૨) આખરી હુકમ મુજબ. ''ચર્ચા કર્યા મુજબ ''

– કારણો –

(૮) **મુદ્દા નં. ૧ –**

૮.૧ ટ્રાયલ અદાલતનું રેકર્ડ જોતા ઉપર જણાવ્યા મુજબ પ્રાંત અધિકારી દવારા તા.૫–૭–૨૫ ના રોજ રીપોર્ટ કરવામાં આવેલ છે અને તે રીપોર્ટ સાથે પંચનામુ, સીઝરમેમો વગેરે મામલતદારશ્રીને મોકલી આપવામાં આવેલ છે. ત્યારબાદ મામલતદારશ્રી દવારા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી જુનાગઢને આ બાબતે રીપોર્ટ કરવામાં આવેલ છે.

૮.૨ ટ્રાયલ અદાલતનું રેકર્ડ જોતા તા. ૫–૭–૨૫ ના રોજ ''મા શકિત ટ્રેડર્સ'' માં તપાસણી કરેલી છે અને તેનું પંચ રોજકામ તા.૫–૭–૨૫ ના રોજ ૧૮–૪૩ કલાકે કરેલ છે તેમાં નીચે મુજબની વિગત આવે છે.

''વાદગ્રસ્ત જગ્યા ટાટા ના શો રૂમની બાજુમાં છે જેમાં કુલ–૮ દુકાનો આવેલ છે જેની સામે ઉભા રહેતા દુકાન નં. ૦૪ ડાબી બાજુથી તેમાં ડીસ્પેન્સર મશીન મળી આવેલ છે. દક્ષીણ દીશાએ દુકાનોને અડીને ખુણામાં એક મોટો અંડર ગ્રાઉન્ડ ટાંકો જમીનમાં આવેલો છે જેની ઉપરના ત્રણેક લોખંડના ઢાંકણા છે જેને ખોલીને જોતા તેમા જવલનશીલ પ્રવાહી ભરેલુ છે તેમાંથી એક નળી દુકાન નં. ૪ જેમાં ડીસ્પેન્સર મશીન આવેલુ છે ત્યાં લગાવેલ છે અને આ જવલનશીલ પ્રવાહિનો જથ્થો ડીસ્પેન્સર મશીનમાં જાય છે. આગળની ત્રણ દુકાનો બંધ છે અને ખુલ્લી દુકાનમાં આવેલ ડીસ્પેન્સર મશીન જોતા તેમાં Midco લખેલુ છે અને 2160 Rupees, 30 Liters અને 72 Rs./Liter તથા "ENSURE REGISTERS SET TO ZERO BEFORE DELIVERY લખ્યુ છે. મશીનની જમણી બાજુ ઇંધણ ભરવાનું હેન્ડલ આવેલ છે તથા Power On છે. નીચે 6080297 એવુ રીડીંગ મીટરમાં વાંચી શકાય છે. આપે અમારી હાજરીમાં ઇંધણ ભરવાનું હેન્ડલ મારફતે તેમાં ઇંધણ છે કે નહીં તે ચકાસતા કહેતા ઇંધણ ભરવાનું હેન્ડલની સ્વીચ દબાવતા જવલનશીલ પ્રવાહી વાસ મારતુ પ્રવાહી નીકળે છે. મશીનની નીચે જવલનશીલ પ્રવાહી ઢોળાવાથી કાળુ અને ચીકણું પ્લેટફોર્મ થઇ ગયેલ છે. દુકાનની અંદર જોતા મશીનની પાછળના ભાગે મશીનની ડાબી બાજુ ખુરશી ઉપર MICRO CONTROLLER BASED લખેલ KEPRE J

લખેલુ SERVO VOLTAGE REGULATOR મુકેલુ છે. જેમાં 225 % નો આઉટ પુટ છે, તેનાથી આગળ દુકાનમાં અંદરના ભાગે ડોલ, માપીયા, ખાલી બોટલો, લોખંડનું બેરલ, તુટેલી ખુરશીઓ ઉપરાંત બીજા બે પ્લાસ્ટીકના બેરલ જેમાં એક બેરલ જવલનશીલ પ્રવાહીથી આખુ ભરેલુ છે. દુકાનની બહાર નીકળતા બાજુની દુકાન નં.પ બંધ છે, દુકાન નં. ૬ જોતા તેની અને દુકાન નં. પ વચ્ચે સીમેન્ટનો થાંભલો છે. આ દુકાનમાં ઓફિસ જેવુ જણાય છે જેમાં ડાબી બાજુની દીવાલે કપડા વગેરે ટીંગાડેલા છે તેમાં એક ખાટલો, ખુરશીઓ, બે પલંગ અને ટેબલ આવેલા છે. ત્યાર પછીની દુકાન નં. ૭ જોતા તેમાં ખાલી બેરલ છે તેમાં એક ઉપયોગ વગરનું ડીસ્પેન્સર મશીન આવેલ છે. એક ભર્યા વિનાનો ખાટલો અને લોખંડનો પલંગ છે તથા મોટર પંપ આવેલો છે. ત્યાર પછી દુકાન નં. ૭ જોતા તેમાં જનરેટર મશીન નંગ–૨ આવેલા છે તથા તેમાં લોખંડની ગ્રીલો, રીપેરીંગનો સામાન, ખાલી બેરલ વગેરે આવેલુ છે. મુખ્ય અંડર ગ્રાઉન્ડ ટાંકો જોતા તેના પર તાડપત્રી ઢાંકીને ટાંકો છુપાવી દેવામાં આવેલ છે, જેની નીચે તાડપત્રી હટાવીને જોતા ટાંકો ૮૦ ટકા અંદાજીત જમીનમાં છે અને ૨૦ ટકા જેટલો ટાંકો બહાર છે. તેની ઉપર કુલ ત્રણ લોખંડના ઢાંકણા છે, ટાંકો જમીનમાં મજબુત રીતે દાટવામાં આવેલ છે. ઢાંકણાઓને તાળુ મારવામાં આવેલ છે. જે પૈકીનું એક ઢાંકણુ ઉપરથી તુટેલુ છે. બાકીના ઢાંકણામાં તીરાડો જોવા મળે છે. જેની અંદર જોતા જવલનશીલ પ્રવાહી સ્પષ્ટ રૂપે દેખાઇ આવે છે. માપવાનો રોડ જોતા તેને ડુબાડતા તે અંદાજીત ૨૫૦૦ લીટરનું માર્કીંગ બતાવે છે પરંતુ આ માપણી ચોકકસ કહી શકાય નહીં તેટલો ૨૫૦૦ લીટરથી વધુ જથ્થો હોઇ શકે છે. ત્યારબાદ આ ઢાંકણા યથાસ્થીતી બંધ કરવામાં આવ્યા.

સ્થળ સ્થીતી જોતા દુકાન નં.૪ ની સામે ઉભા રહેતા તેની પુર્વ દિશાએ રોડ આવેલો છે. ત્યારબાદ આલ્ફા વિદ્યા સંકુલની દીવાલ આવેલ છે. ઉત્તર દિશા બાજુ આઇશરનો શો રૂમ છે, દક્ષીણ દિશાએ ટાટા નો શો રૂમ છે.’’'

૮.3 વધુમાં, સીઝર મેમો જોતા તેમાં નીચે મુજબની વિગત જણાવેલી છે.

‘‘આજ તા. ૦૫–૦૭–૨૦૨૫ ના રોજ સુખપુર ગામે જેતપુર જુનાગઢ હાઈ–વે રોડ, આલ્ફા વિદ્યા સંકુલ સામે રે.સ.નં.૧૧૭ ખાતે માં શકિત ટ્રેડર્સના પ્રો. રવિભાઈ પાંચાભાઇ સરવૈયાની પેઢી આવેલી છે જેમાં તેમનો ગેરકાયદે જવલનશીલ પ્રવાહી જમીનમાં છુપાવેલા ટાંકામાં સ્ટોક કરી કોમ્પલેક્ષની દુકાનમાં ડિસ્પેન્સર મશીન છુપાવી ઇંધણ તરીકે વાહનોમાં ભરી આપવાનો ધંધો કરે છે. આ બાબતે તેઓ પાસે કોઈ કાયદેસર લાયસન્સ, પરવાના, પરમીટ નથી અને જમીનમાં ટાંકો દાટીને આજુબાજુના લોકોને હાનિ થાય તેવી રીતે ગેરકાયદેસર ધંધો કરે છે. સ્થળની ચતુ:દિશા આ પ્રમાણે છે.

ઉત્તરે : આઈશર કંપનીનો શોરૂમ.

દક્ષીણે : ટાટા કંપનીનો શો રૂમ.

પુર્વે : જેતપુર જુનાગઢ હાઇવે અને આલ્ફા સંકુલની દિવાલે।

પશ્ચીમે : કોમ્પલેક્ષની પાછળના ભાગમાં ખેતર

આ ઉપર મુજબની હકીકતોની સ્થળ ખરાઇ કરતા હકીકત ખરી જણાતા પંચોને સાથે રાખી પંચરોજકામ કરેલ છે અને તપાસણી સમયે નીચે મુજબની ગેરરીતિઓ જણાય આવેલ છે.

(૧) પ્રો.રવિભાઈ પાંચાભાઈ એ જવલનશીલ પ્રવાહીના સ્ટોક, સંગ્રહ, વેચાણ અંગે કોઇ કાયદેસરનો પરવાનો રજુ કરી શકેલ નથી.

(૨) સ્થળની દક્ષીણ દિશાએ ખુણામાં મોટો લોખંડનો અંડર ગ્રાઉન્ડ ટાંકો અંદાજીત ક્ષમતા બાર હજાર લીટર જમીનમાં ઉંડુ ખોદાણ કરી દાટી તેમાં જવલનશીલ પ્રવાહીનો સંગ્રહ કરેલ છે.

(૩) ટાંકામાં ડીપર રોડથી માપણી કરતા અંદાજીત ૨૫૦૦ લીટર જેટલો જવલનશીલ પ્રવાહીનો જથ્થો માલુમ પડેલ છે.

(૪) સદરહું અંડર ગ્રાઉન્ડ ટાંકામાંથી નળી લાંબી કરી ડાબેથી આવેલી દુકાન નં. ૪ માં ડીસ્પેન્સર મશીનમાં તેને જોડીને વાહનોમાં ભરી આપવાનો ધંધો કરતા હોવાનું માલુમ પડેલ છે.

(૫) ડીસ્પેન્સર મશીનની પાછળ પડેલા બેરલ પૈકી એક બેરલ જે બસો લીટરની ક્ષમતા વાળુ છે તેમાં સંપુર્ણ જવલનશીલ પ્રવાહીનો જથ્થો ભરેલો માલુમ પડેલ છે.

(૬) કુલ દુકાનો પૈકીની અન્ય દુકાનો જેમાં પણ આ ધંધામાં ઉપયોગમાં આવતા હોય તેવા અન્ય બેરલ, માપીયા વગેરે જોવા મળે છે. ઉપરાંત ઉપયોગ ન કરી શકાય અથવા ઉપયોગમાં ન હોય તેવુ વધારાનું ડીસ્પેન્સર મશીન પણ મળી આવેલ છે.

(૭) રોડની સામેની બાજુએ જે શૈક્ષણિક સંકુલ આવેલ છે અને આજુબાજુની પરીસ્થીતી જોતા તેમાં અકસ્માતે આગ લાગી વિસ્ફોટ થવાની પુરેપુરી સંભાવના છે.

(૮) તપાસણી સમયે કોઇ કાયદેસર પરવાના, રજીસ્ટર, સ્ટોક પત્રક, બીલો કે પહોંચ રજુ કરેલા નથી.

ઉપરોકત ગેરકાયદે ધંધો કરી ગેરરીતિઓ આચરી સંચાલક શ્રી રવીભાઇ પાચાભાઇ સરવૈયા દવારા પેટ્રોલીયમ સંગ્રહ અને વેચાણ નિયમો ૨૦૦૨ તથા સરકારશ્રીના તા. ૩૦–૦૭–૧૯ ના નોટિફિકેશન અને ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયમો અને જથ્થા નિયંત્રણ) આદેશ–૧૯૮૧ તથા ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓના વેપારીઓનું (નિયમન કરવ બાબત) હુકમ–૧૯૭૭ ની જોગવાઇઓનો ભંગ કરેલ હોય મળેલી સત્તાઓથી નીચે મુજબનો જથ્થો સરકારી જાહેર કરી સીઝ કરવામાં આવેલ છે. આ જથ્થો યથાસ્થીતીમાં

Sessions Judge
Junagadh

જાળવી રાખવાની જરૂર એટલા માટે છે કારણ કે તેને ત્વરીત ખસેડી શકાય તેમ નથી તથા મુદામાલ સ્વરૂપે કાયદેસરનો નિકાલ ન થાય ત્યાં સુધી તેનો જાળવણી કરવી જરૂરી છે. જથ્થાની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	મુદામાલની વિગતો	અંદાજીત કિંમત	જથ્થાની કુલ કિંમત
૧	ટેન્કર નં.૧ (અંડર ગ્રાઉન્ડ) ક્ષમતા આશરે ૧૨,૦૦૦ લીટર ખરેખર જથ્થો અંદાજીત ૨૫૦૦ લીટર	૭૨ રૂા. પ્રતિ લીટર	૧,૮૦,૦૦૦/-
૨	પ્લાસ્ટીકનું બેરલ નંગ-૧ ક્ષમતા ૨૦૦ લીટર ખરેખર જથ્થો ૨૦૦ લીટર)	૭૨ રૂા. પ્રતિ લીટર	૧૪,૪૦૦/-
૩	ડીસ્પેન્સર મશીન નંગ-૧ ચાલુ હાલતમાં	૩૦,૦૦૦ અંદાજીત	૩૦,૦૦૦/-
૪	ડીસ્પેન્સર મશીન નંગ-૧ બંધ હાલતમાં	૨૦,૦૦૦/-	૨૦,૦૦૦/-
૫	ટેન્કર અંડર ગ્રાઉન્ડ ક્ષમતા અંદાજીત ૧૨,૦૦૦ લીટર	૫૦,૦૦૦ અંદાજીત	૫૦,૦૦૦/-
		કુલ કિંમત	૨,૯૪,૪૦૦/-

આમ, ઉપરોકત વિગતે જણાવ્યા પ્રમાણેનો કુલ કિંમત રૂા. ૨,૯૪,૪૦૦/- રૂપીયાની ચીજવસ્તુઓનો જથ્થો સરકારી જાહેર કરી સીઝ કરવા આથી હુકમ કરવામાં આવે છે.''

૮.૪ આમ, સ્થળ ઉપર સીઝર મેમો જોતા ૨૫૦૦ લીટરનો જથ્થો ટેન્કર નં.૧ માં કે જે ટેન્કરની ક્ષમતા બાર હજાર લીટર છે તેમાં માલુમ પડેલ છે. બેરલ નંગ-૧ માં બસો લીટર જથ્થો માલુમ પડેલ છે. ડીસ્પેન્સર મશીન ચાલુ હાલતમાં માલુમ પડેલ છે અને બીજુ ડીસ્પેન્સર મશીન બંધ હાલતમાં માલુમ પડેલ છે.

૮.૫ ઉપરોકત જથ્થા અંગે જે એફ.એસ.એલ. એ રીપોર્ટ મોકલેલ છે તેમાં તે તા. ૧૨-૮-૨૫ નો રેકર્ડમાં છે અને તેમાં અભિપ્રાય નીચે મુજબ એફ.એસ.એલ. દવારા આપવામાં આવેલ છે.

''અભિપ્રાય :-

(૧) એનેક્ષર-1 મુજબ નમુનાનું પ્રવાહી I.S. 1460-2017 (સ્પેસિફિકેશન ફોર ઓટોમોટીવ ડીઝલ ફ્યુઅલ) મુજબની ભારત સ્ટેજ VI ડીઝલ (એચ.એસ.ડી.) ની ઉપરોક્ત લાક્ષણીકતાઓ પૈકી ક્રમ નં-૧ અને ક્રમ નં-૨ ની જરૂરિયાતોને સંતોષતું નથી.

Sessions Judge
Junagadh

(૨) એનેક્ષર–II મુજબ નમુનાનું પ્રવાહી પૃથક્કરણ I.S. 15770–2008 (સ્પેસિફિકેશન ફોર લાઇટ ડીઝલ ઓઇલ) મુજબ એલ.ડી.ઓ. ની ઉપરોક્ત લાક્ષણીકતાઓ પૈકી ક્રમ નં–૨ ની જરૂરિયાતને સંતોષતું નથી.

(૩) એનેક્ષર–III મુજબ નમુનાનું પ્રવાહી I.S. 15607–2016 (સ્પેસિફિકેશન ફોર BIO–DIESEL (B100) સ્ટેન્ડ અલોન ફ્યુઅલ એન્ડ બ્લેન્ડ સ્ટોક ફોર ડીઝલ ફ્યુઅલ) મુજબની બાયોડીઝલની ઉપરોક્ત લાક્ષણીકતાઓ પૈકી ક્રમ નં–૨ તથા ક્રમ નં–૩ ની જરૂરિયાતોને સંતોષતું નથી.

(૪) નમુના ના પ્રવાહીમાં પેટ્રોલિયમ હાઇડ્રોકાર્બન્સની હાજરી શોધાયેલ હતી. જે સામાન્ય રીતે પેટ્રોલિયમ પ્રોડક્ટ કે તેના મિશ્રણમાં જોવા મળે છે.''

૮.૬ આ કામમાં જે ટીમ રેડ કરવા ગયેલી તેઓએ ત્યાં હાજર સુરાભાઇ અશ્વીનભાઇ ગોહેલનું નિવેદન લીધેલ છે જે નીચે મુજબ છે.

''હું અહીં આવતા તમામ વાહનો જેમાં આઇશર, ટ્રક , લકઝરી બસો, ખટારા વગેરે મોટા વાહનો અહીં ઇંધણ ભરવા આવે ત્યારે તેમને હું ડીસ્પેન્સર મશીનમાંથી એલ.ડી.ઓ. ભરી આપુ છું.''

૮.૭ આમ, ઉપરોકત નિવેદન જોતા આ વ્યકિત વાહનોમાં એલ.ડી.ઓ. ભરી આપે છે અને વધુમાં એવી હકીકત જણાવેલ છે કે, ''કેટલી કિંમતના ૧ લીટરમાં ડીઝલનો ભાવ છે તે પુછતા જણાવુ છું કે, મને કોઇ હિસાબ કિતાબ આવડતો નથી. આ હિસાબ કિતાબનો ધંધો અહીં પાંચાભાઇ સંભાળે છે. પૈસાનો બધો વહીવટ તેઓ કરે છે. આખો દિવસ અહીં પાંચાભાઇ હાજર હોય છે. મારૂ કામ માત્ર ગાડીની જરૂરીયાત પ્રમાણેનું એલ.ડી.ઓ. ભરી આપવાનું છે. રોજના અહીં ૧૦ થી ૧૫ કે ૨૦ કે તેથી વધુ પણ વાહનો અહીં એલ.ડી.ઓ. ભરાવવા માટે આવે છે. કામના કલાકોમાં સવારના ૭ વાગ્યાથી રાતના ૧૦ કલાક સુધી આ પંપ ઉપર કામગીરી ચાલે છે. ધંધાનો મુખ્ય માલીક રવીભાઇ સરવૈયા છે.''

૮.૮ વધુમાં, ઉપરોકત નિવેદનમાં આ સાહેદની સહી પણ છે અને ત્યારબાદ તા. ૮–૭–૨૫ ના રોજ સરવૈયા રવિભાઇનું નિવેદન લીધેલ છે જેની વિગત નીચે મુજબ છે.

''આજરોજ મને નિવેદન માટે બોલાવતા લખાવુ છું કે, હું આલ્ફા સંકુલ સામે જેતપુર–જુનાગઢ રોડ ઉપર માં શકિત ટ્રેડર્સ નામની પેઢીથી એલ.ડી.ઓ. વેચાણ કરૂ છું. ગત તા. ૦૫–૦૭–૨૦૨૫ ના રોજ થયેલ તપાસ અન્વયે જણાવુ છું કે, મારી પાસે છુટક એલ.ડી.ઓ. વેચાણ પરવાનો હતો પરંતુ મારો પરવાનો અગાઉ થયેલ કાર્યવાહી બાદ રદ

થયેલ હોય પુરવઠા કચેરીમાં તે બાબતે અપીલ ચાલી રહેલ છે. મારી પાસે જી.એસ.ટી. રજીસ્ટ્રેશન વગેરે તમામ કાગળો છે. હું આ ધંધો છેલ્લા છ મહિનાથી કરૂ છું. હું આ એલ.ડી.ઓ. એસ્સાર કંપનીમાંથી ડીલરો મારફતે મગાવુ છું. હું એલ.ડી.ઓ. ૬૫.૫૦ રૂપીચે પ્રતિ લીટર મગાવુ છું અને ૬૮ રૂા. પ્રતિ લીટર વેચુ છું. મારે કાયદેસરનો ધંધો કરવો હોય લાયસન્સ મેળવવાની પ્રક્રિયા ચાલુ છે. હું સુવિધા માટે ફાયર સેફટીની બોટલો રાખુ છું અને તમામ તકેદારી રાખુ છું. હું આ એલ.ડી.ઓ. વાહનોમાં ભરતો નથી પરંતુ ખેડુતોને ખેતરમાં કામ કરવા આપુ છું. મારી જગ્યાએ મે એક લેબર રાખેલ છે જે મશીનમાંથી એ.ડી.ઓ. વેચાણનું કામ કરી આપે છે.''

૮.૯ આમ, ઉપરોકત સાહેદ તથા સાહેદ સુરાભાઇના નિવેદન મુજબ જયારે તપાસણી કરવામાં આવી ત્યારે એલ.ડી.ઓ. વેચવાનું કામ ચાલુ હતુ અને એલ.ડી.ઓ. ખેતરમાં કામ કરતા લોકોને આપે છે તેવી હકીકત રવીભાઇએ જણાવી છે અને વાહનોમાં ભરવામાં આવે છે તે હકીકત ત્યાં હાજર સાહેદ સુરાભાઇ અશ્વીનભાઇએ જણાવી છે.

૮.૧૦ ઉપરોકત બાબત અંગે કલેકટરશ્રીએ જે તારણ કાઢેલ છે તે નીચે મુજબ છે.

''મામલતદારશ્રી જુનાગઢ(ગ્રામ્ય)ના ઠરાવ નં.પુરવઠા/વશી/કેસ/શકિત-LDO/૦૧/૨૦૨૪ તા.૧૨/૧/૨૦૨૪ માં જણાવ્યા મુજબ, મામલતદારશ્રી દ્વારા આ પેઢીને લાયસન્સ નં.૦૯/૨૦૨૧ થી (એલ.ડી.ઓ.-ક્રુડ) ના છુટક વિક્રેતા તરીકે આપવામાં આવેલ લાયસન્સ રદ કરવા હુકમ કરવામાં આવેલ. મામલતદારશ્રીના હુકમ સામે માન.કલેકટર સાહેબની કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ નથી. આથી આ અંગેની કોઈ અપીલ માન.કલેકટર સાહેબની કોર્ટમાં ચાલુ નથી. આમ આ પેઢી તપાસણીની તારીખે એલ.ડી.ઓ. વેચાણનો પરવાનો ધરાવતી ન હતી. આમ પેઢી ધ્વારા અનઅધિકૃત રીતે એલ.ડી.ઓ.નું વેચાણ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢીમાં રાખવામાં આવેલ કુલ-૨૫૦૦ લીટર એલ.ડી.ઓ. / પેટ્રોલિયમ પદાર્થ ખરીદી બાબતે તપાસણી સમયે કોઈ બિલ રજૂ કરાયેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ પેઢીના સ્થળે વેચાણ થતા પેટ્રોલિયમ પદાર્થની વિગતો ભાવ, ઉપલબ્ધ ઉઘડતો જથ્થો, ડેન્સીટી વિગેરે વિગતો બોર્ડમાં દર્શાવેલ નથી. આ બાબતે

સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી. આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢી દ્વારા ફાયર સેફટીનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ? ફાયર સેફટી અંગેના સાધનો અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે કે કેમ? મુદત ચાં સુધીની છે ? તેના આધારો રજૂ થયેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢી દ્વારા આર.એસ.એલ. છુટક વેચાણ લાયસન્સ રજૂ કરેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢી કઈ પ્રોડકટનું વેચાણ કરે છે? કયાંથી ખરીદ કરે છે? કયા ભાવે ખરીદ કરે છે ? કોને વેચાણ કરે છે ? કયા ભાવથી વેચાણ કરે છે, વેચાણ ભાવ કઈ રીતે નક્કી કરવામાં આવે છે? તેની વિગતો રજુ થયેલ નથી. પેઢી દ્વારા દૈનિક આવક–જાવક રજીસ્ટર, હિસાબી આધારો રજુ થયેલ નથી. પેઢી ધ્વારા બંધ જથ્થાનું સ્ટોક રજીસ્ટર નિભાવેલ છે કે કેમ અને સ્ટોક રજીસ્ટર તપાસણી તારીખ સુધીના લખાયેલ હોવા અંગેના આધારો રજૂ કરાયેલ નથી, તેમજ પેઢી દ્વારા ડીપ ચાર્ટ રજુ થયેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢી દ્વારા તપાસણી સમયે ગ્રાહકો કોણ છે તેની વિગતો રજૂ થયેલ નથી, નિયામકશ્રી અન્ન અને નાગરીક પુરવઠા કચેરી ગાંધીનગરના પત્ર નં.અતલ/કસન/એલ.ડી.ઓ./બાયો ડીઝલ/ફા.નં./૩૭૮/૨૦૧૮ તા. ૨૪/૫/૨૦૧૮ મુજબ એલ.ડી.ઓ. નો વપરાશ બાબતે થયેલ જોગવાઈ મુજબના આધારો રજૂ થયેલ નથી. પેઢી દ્વારા કઈ રીતે, કેટલા જથ્થાનું, કોને, કઈ જોગવાઈ હેઠળ વેચાણ કરવામાં આવે છે. પેઢી દ્વારા માસિક ધોરણે કેટલું વેચાણ કરવામાં આવે છે. તેની વિગતો રજૂ થયેલ નથી. પેઢી દ્વારા વેચાણ બિલમાં ગ્રાહકનું વાહન નંબર, ગ્રાહકનું નામ, મોબાઈલ નંબર, વેચાણ કરેલ જથ્થાની વિગત, રેટ ચાર્જ, તારીખ અને સમય, જી.એસ.ટી. નંબર લખવામાં આવેલ છે કે કેમ? તેની વિગતો રજૂ થયેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢી દવારા જથ્થા સંગ્રહ અંગેની મંજુરી માટે Petroleum and Explosive Safety Organisation (PESO) પાસેથી તા.૧૩/૧૧/૨૦૧૯ નો મંજુરી પત્ર રજૂ કરેલ છે.

પેઢી દ્વારા મીટર રીડીંગ રજીસ્ટર નિભાવેલ છે કે કેમ? તેની વિગતો રજૂ થયેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

Sessions Judge
Junagadh

પેઢી દ્વારા ડેન્સીટી માપવા / કવોલીટી ચકાસણી કરવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ? તેની વિગતો રજૂ થયેલ નથી તથા રજીસ્ટર સિકકા એકુન થયેલ છે કે કેમ? તેની વિગતો રજૂ થયેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢી દ્વારા પેટ્રોલિયમ પદાર્થ માટે નિયત કરાયેલ ધારા ધોરણ મુજબ પેટ્રોલિયમ સંગ્રહ પાત્રો ચીફ કન્ટ્રોલર દ્વારા મંજુર કરાયેલ પ્રકારના અને સ્ટીલ અથવા લોખંડના બનાવવામાં આવેલ છે કે કેમ? તેની વિગતો રજૂ થયેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢી દ્વારા તોલમાપ કચેરીનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ? કેટલા સમય સુધીનું છે? (પંપ, માપીયા કે અન્ય સાધનો) તપાસણી સમયે કોઈ વિગત રજૂ થયેલ નથી. પેઢીએ ડીસ્પેન્સીંગ / આઉટલેટ પંપને તોલમાપ ખાતા દ્વારા સીલ કરવામાં આવેલ છે કે કેમ? આ સીલ બરાબર છે કે કેમ? તે બાબતેના આધારો રજૂ થયેલ નથી. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

મામલતદારશ્રી જુનાગઢ (ગ્રામ્ય)ના તા.૭/૭/૨૦૨૫ ના પત્રથી આ પેઢી લગત રજુ કરાયેલ કાગળોમાં નાયરા એનર્જી લીમીટિડ અમદાવાદનો તા.૧૮/૪/૨૦૨૩ નો અસલ પત્ર રજુ છે જેમાં આ પેઢીએ મામલતદારશ્રી સમક્ષ નાયરા એનર્જી લીમીટિડના નામે રજુ કરેલ કાગળો ખોટા / ફ્રોડ હોવાનુ જણાવેલ તેમજ તે બદલ જરૂરી કાર્યવાહી કરવા પણ મામલતદારશ્રીને લખેલ છે. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

મામલતદારશ્રી જુનાગઢ (ગ્રામ્ય)ના તા.૭/૭/૨૦૨૫ ના પત્રથી આ પેઢી લગત રજુ કરાયેલ કાગળોમાં પોલીસ સબ ઈન્સ. જુનાગઢ તાલુકા પોલીસ સ્ટે. જુનાગઢના તા. ૧૦/૧૧/૨૦૨૩ ના પત્રની વિગતે તા.૨૫/૮/૨૦૨૩ ના રોજ પેઢીના સ્થળે તપાસ કરવા જતા, પેઢી ધ્વારા વાહન એક બસ નં. જીજે ૧૪ ઝેડ ૩૩૯૫ માં ઈધણ તરીકે પુરતા હોવાથી જથ્થો સીઝ કરવામા આવેલ હતો, આમ પેઢીએ આચરેલ ગંભીર ગેરરીતિ સબબ અગાઉ પણ પેઢી સામે કાર્યવાહી થયેલ છે તેમ છતા પેઢી ધ્વારા વારંવાર તેનું પુનરાવર્તન કરવામાં આવી રહેલ છે. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

પેઢીના સ્થળે રોડની સામે રોડની સામેની બાજુએ જે શૈક્ષણિક સંકુલ આવેલુ છે અને આજુબાજુની પરિસ્થિતિ જોતા તેમાં અકસ્માતે આગ લાગી વિસ્ફોટ થવાની પુરેપુરી સંભાવના છે. પેઢી ધ્વારા જાનમાલની હાનિ થાય તેવી અનઅધિકૃત પ્રવૃત્તિ કરી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

Sessions Judge
Junagadh

પેઢીના સ્થળે અન્ડરગ્રાઉન્ડ ટાંકામાંથી નળી લાંબી કરી ડાબેથી આવેલી દુકાન નં.૪ માં ડિસ્પેન્સર મશીનમાં તેને જોડીને વાહનોમાં ભરી આપવાનો ધંધો કરતા હોવાનું માલુમ પડેલ છે. આમ પેઢીએ જોવા મળેલ સામાન જોતા, પેઢીમાં રાખવામાં આવેલ પેટ્રોલિયમ પદાર્થ એલ.ડી.ઓ.નો ઉપયોગ વાહનોમાં ઇંધણ તરીકે અનઅધિકૃત ઉપયોગ થતો હોવાનું જણાય છે તથા તપાસણી સમયે પેઢીના સ્થળે હાજર પેઢીમાં કામ કરનાર વ્યક્તિ શ્રી સુરાભાઈ અશ્વિનભાઈ ગોહેલ રહે. ટીંબાવાડી ધ્વારા તપાસણી અધિકારશ્રીને આપેલ નિવેદનમાં, "આ ધંધાના માલિક શ્રી રવિભાઈ પાચાભાઈ સરવૈયા છે, તેમની સુચના પ્રમાણે અમે અહીં કામ કરીએ છીએ, હું અહીં આવતા તમામ વાહનો. આઈસર, ટ્રક, બસ, ખટારા વિગેરે મોટો વાહનો ઇધણ ભરવા આવે ત્યારે તેમાં હું ડીસ્પેન્શર મશીનમાંથી એલ.ડી.ઓ. ભરી આપું છું. અહીં હિસાબનો ધંધો શ્રી પાંચાભાઈ સંભાળે છે. મારૂ કામ માત્ર ગાડીની જરૂરીયાત પ્રમાણે એલ.ડી.ઓ. ભરી આપવાનું છે, રોજના અહીં ૧૦ થી ૧૫ કે ૨૦ કે તેથી વધુ પણ વાહનો અહીં એલ.ડી.ઓ. ભરાવવા માટે આવે છે. કામના કલાકોમાં સવારે ૭ કલાકથી રાતના ૧૦ કલાક આ પંપ ઉપર કામગીરી ચાલે છે તેમ જણાવેલ છે. આમ, પેઢીના પ્રતિનિધિ / ફીલરમેનએ પોતે પણ પેઢીની અનઅધિકૃત પ્રવૃતિ/ગેરકાયદેસર રીતે ભેળસેળવાળા જથ્થાના વેચાણ અંગે માહિતી આપેલ છે. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

આ પેઢીના પેટ્રોલિયમ પદાર્થનું સેમ્પલ લેબોરેટરી પૃથકકરણ અહેવાલમાં એલ.ડી.ઓ., બાયોડીઝલ ડીઝલ(એચ.એસ.ડી.) પૈકી કોઈ પણ પ્રકારનો પેટ્રોલિયમ પદાર્થ ન હોવાનું સાબિત થયેલ છે, અને તેમાં પેટ્રોલિયમ હાઈડ્રોકાર્બન્સની હાજરી જોવા મળેલ છે પરંતુ તેનો ફ્લેશ પોઈન્ટ ૫૧ સે. 'બી વર્ગ'નો અત્યંત જવલનશીલ હોવાનું જોવા મળેલ છે. આમ પેઢી ધ્વારા ભેળસેળવાળા અને અત્યંત જવલનશીલ પેટ્રોલિયમ પદાર્થનું અનઅધિકૃત રીતે વાહનોમાં ઇધણ તરીકે વેચાણ કરવાનું અત્યંત ગંભીર ગેરરીતિ આચરેલ છે. આ બાબતે સુનાવણી મુદતે પણ પેઢી તરફથી પોતાના બચાવમાં જરૂરી કોઈ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી, આથી ક્ષતિ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

સમાવાળાના જવાબના મુદ્દા નં.૩૦ માં જણાવેલ વિગતે.... ત્યારથી પંપ બંધ છે, કોઈ ખરીદ કે વેચાણ થયેલ નથી..." તેવું જણાવેલ છે. પરંતુ, શ્રી રવિભાઈ પાંચાભાઈ સરવૈયાના તા.૦૮/૦૭/૨૦૨૫ નાં પ્રાંત અધિકારીશ્રી-જુનાગઢ રૂબરૂ આપેલ નિવેદનની વિગતે પોતે આ ધંધો છેલ્લા છ મહિનાથી કરતા હોવાનું તથા LDO એસ્સાર કંપનીમાંથી ડીલર મારફતે મંગાવતા હોવાનું જણાવેલ છે.આમ, સામાવાળા તરફથી રજુ થયેલ જવાબ તથા નિવેદનની વિગતો વિરોધાભાસ હોવાનું જણાય છે. જેથી સામાવાળા શ્રી રવિભાઈ સરવૈયાના લેખિત રજુઆતના મુદ્દા નં.૯,૧૦,૧૧,૧૨, ૧૫, ૧૬, ૧૯,૨૦,૨૧,૩૩ તથા ૩૪ વિગેરે મુદાઓની મુખ્ય રજૂઆતે સન-૨૦૨૩માં થયેલ કાનુની કાર્યવાહી બાદ પંપ બંધ હોવાની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

Sessions Judge
Junagadh

સામાવાળા તરફથી સુનાવણી મુદતે લેખિત રજુઆતમાં જણાવેલ નામ. કોર્ટના ચુકાદાની મુખ્ય વિગતોએ સુનાવણીની યોગ્ય તક આપવા તથા રેકર્ડ તપાસવા/આપવા બાબતેના ચુકાદાઓ ટાંકવામાં આવેલ છે.જે વિગતે આ કામમાં સામાવાળાને તા.૩૦/૧૨/૨૦૨૫ તથા તા.૨૦/૦૧/૨૦૨૬નાં રોજ રૂબરૂ સુનાવણીની તક આપવામાં આવેલ છે તથા અત્રેની સમાન ક્રમાંકની તા.૧૭/૧૧/૨૦૨૫ની નોટીસમાં "…. તમારે તપાસના કાગળો તપાસવા હોઈ કે કાચી નકલો કરવી હોઈ તો સુનાવણીની મુદત પહેલા જાહેર રજાના દિવસો સિવાયનાં કોઈપણ દિવસે કચેરી સમય દરમ્યાન કરી શકશો." તેવું સ્પષ્ટ દર્શાવવામાં આવેલ હોવા છતાં સામાવાળા તરફથી આવી કોઈ રજૂઆત/માંગણી કરવામાં આવેલ નથી. આમ ઉપરોકત તમામ ગંભીર ગેરરીતિઓ ધ્યાને લેતા, આ કામના સામાવાળાએ નામ. હાઇકોર્ટ ના રજુ કરેલ કેસના ચૂકાદા આ કેસમાં લાગુ પડતા નથી.

ઉપરોકત ક્ષતિઓ/ ગેરરીતિઓ આચરીને આ કામના સામાવાળાએ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩, કલમ-૯, ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓને વેપારીઓનું (નિયમન કરવા બાબત) હુકમ-૧૯૮૧ ની કંડીકા-૩, ૧૬,૧૭,૧૮,૨૩, મોટર સ્પીરીટ અને હાઈસ્પિડ ડીઝલ (રેગ્યુલેશન ઓફ સપ્લાય, ડિસ્ટ્રીબ્યુશન એન્ડ પ્રિવેન્શન ઓફ માલ પ્રેકટીસ) ઓર્ડર-૨૦૦૫ ની કલમ ૨(એફ), ૨(એફ)(વન), ૨(એફ) (ટુ), ૨(એફ) (થ્રી), ૨(એફ) (ફોર) ૨(એફ) (ફાઇવ), ૨(એફ) (સીકસ), ૩(૪), ૩(૫), ૩(૬), ૩(૭), ૪ પેટ્રોલીયમ એકટ-૧૯૩૪ ની કલમ-૩, ૪ પેટ્રોલિયમ રૂલ્સ-૨૦૦૨ ના નિયમ-૧૪૦ ની જોગવાઈઓનો ભંગ કરેલ છે. સબબ, આ કામના સામાવાળાની રજુઆત તથા કેસના ગુણદોષ ધ્યાને લેતાં, ન્યાયનો હેતુ જળવાઈ રહે તે માટે આ કામે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.''

૮.૧૧ આમ, મામલતદારશ્રી જુનાગઢ(ગ્રામ્ય)ના ઠરાવ નં.પુરવઠા/વશી/કેસ/શકિત-LDO/૦૧/૨૦૨૪ તા.૧૨/૧/૨૦૨૪ માં જણાવ્યા મુજબ, મામલતદારશ્રી દ્વારા આ પેઢીને લાયસન્સ નં. ૦૯/૨૦૨૧ થી (એલ.ડી.ઓ.-કુડ) ના છુટક વિક્રેતા તરીકે આપવામાં આવેલ લાયસન્સ રદ કરવા હુકમ કરવામાં આવેલ. આમ, લાયસન્સ ન હોવા છતા તપાસણી વખતે પચીસ હજાર લીટર એલ.ડી.ઓ. મળી આવેલ છે.

૮.૧૨ વધુમાં, મુળ આરોપી તરફે એવી રજુઆત છે કે, જે તે સમયે ડીઝલ ફ્રીઝ કરેલ હતુ તેજ ટાંકામાં હતુ પરંતુ આ રવીભાઇ તથા ત્યાં હાજર સાહેદનું ઉપર જણાવેલ નિવેદન જોતા આ હકીકત ટકવા પાત્ર નથી કારણ કે, જો તેજ ડીઝલ હોત તો તે વિગત સ્થળ ઉપર મળનાર સાહેદ અને ત્યારબાદ નિવેદન આપનાર સાહેદ રવીભાઇએ જણાવ્યુ હોત.

Sessions Judge
Junagadh

૮.૧૩ વધુમાં ત્યાં આ વેચાણ કરવામાં આવતુ હતુ તે હકીકત જે સાહેદ રવીભાઈ પાચાભાઈએ તા. ૮–૭–૨૫ ના રોજ જણાવેલ છે તે હકીકત ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫ મુજબ એડમીશન બને છે અને તેની વ્યાખ્યા નીચે મુજબ છે.

"15. Admission defined :–

An admission is a statement, oral or documentary or contained in electronic form, which suggests any inference as to any fact in issue or relevant fact, and which is made by any of the persons, and under the circumstances, hereinafter mentioned."

૮.૧૪ વધુમાં, અપીલના પેરા–૩૪ માં એવી હકીકત જણાવેલ છે કે, સુરેશભાઈ અશ્વીનભાઈએ કોઈ નિવેદન આપેલ નથી પરંતુ તે બાબતે આ સહી તે નિવેદનમાં સુરેશભાઈની નથી તે બાબતે સુરેશભાઈનું કોઈ સોગંદનામુ અપીલમેમો સાથે રજુ કરવામાં આવેલ નથી.

૮.૧૫ વધુમાં, કલેકટરશ્રીની ફાઈલમાં અરજદારના લેખિત રજુઆતના મુદાઓ જે તા. ૨૦–૧–૨૬ ના રોજ રજુ કરવામાં આવેલા છે તે રેકર્ડ ઉપર છે અને તેમાં પોતે કોઈ નિવેદન આપેલ નથી તેવી કોઈ વિગત જણાવેલ નથી તે સંજોગોમાં આ રવીભાઈએ તા.૮–૭–૨૫ ના રોજના નિવેદનમાં જે હકીકત જણાવેલી છે તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫ મુજબ એડમીશન બને છે.

૮.૧૬ વધુમાં, સુરાભાઈ અશ્વીનભાઈનું કોઈ નિવેદન નથી કે તો પોતે ત્યાં નોકરી કરતા ન હતા તે બાબતે આ જવાબ વખતે તેમનું સોગંદનામુ એટલે કે, સુરાભાઈનું સોગંદનામુ રજુ કરી શકયા હોત અને તે સંજોગોમાં જે તારણ અવલોકનો કલેકટરશ્રીએ કરેલા છે તે ન્યાયીક અને યોગ્ય છે તેમાં કોઈ ફેરફાર કરવો આવશ્યકતા જણાતી નથી.

૮.૧૭ આ કામમાં એપેલન્ટે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(1) 2021 (0) **AIJEL–HC** 242819 **GUJARAT HIGH COURT**

Sessions Judge
Junagadh

Essential Commodities Act, 1955 S. 3 dealership agreement – violation of principles of natural justice – advertisement for the purpose of allotment of retail outlet –application of petitioner was accepted by respondent after due verification petitioner is having retail outlet of respondent since year 2010 dealership agreement was executed for fifteen years, which is still in force letter dated 25.4.2012 came to be issued alleging certain irregularities committed by petitioner at her place show cause notice also issued –petitioner has specifically alleged that during inspection, no report for inspection was given to petitioner in year 2013, by impugned order respondent terminated dealership of petitioner challenged held, opportunity of personal hearing was not accorded to petitioner before passing impugned order respondent has not filed any FIR for alleged forgery committed by petitioner further, for alleged malpractice or irregularity alleged to have been committed by petitioner as per MDG, only fine can be imposed and no powers are vested with respondent to terminate dealership of petitioner for alleged violation – respondent shall restore the sales and supply of retail outlet of petitioner impugned order quashed and set aside petition allowed.

Imp.Para: [15] [17]

પરંતુ હાલની અપીલ ડીલરશીપ રદ કરવા સામે નથી તેથી આ ચુકાદાનો લાભ એપેલન્ટને મળી શકે તેમ નથી.

Sessions Judge
Junagadh

(2) 2020 (0) AIJEL–HC 242354 GUJARAT HIGH COURT

Essential Commodities Act, 1955 S. 3– Gujarat Essential Articles (Licensing, Control and Stock Declaration) Order, 1981 Clause 8(1) fair price shop – cancellation of licence on the ground that criminal prosecution launched against licensee for illegal sale of wheat order of cancellation of licence was passed without affording opportunity of hearing to petitioner principles of natural justice were not followed such action is in breach of proviso to Clause 8 of the Control Order, 1981 – District Supply Officer directed to provide an opportunity of hearing to petitioner and take a fresh decision – petition partly allowed.

Imp.Para: [7] [8] [9] [10]

હાલની અપીલ લાયસન્સ રદ કરવા સામે નથી તેથી આ ચુકાદાનો લાભ એપેલન્ટને મળી શકે તેમ નથી.

(3) 2019 (0) AIJEL–HC 241723 GUJARAT HIGH COURT

Essential Commodities Act, 1955 S. 3, 5 – Gujarat Essential Articles (Licensing Control and Stock Declaration) Order, 1981 – Clause 8 – cancellation of licence of fair price shop on account of illegal sale of wheat plea raised that opportunity of hearing was not granted to lincensee violation of principles of natural justice held, proviso to Clause 8 of the Control Order,

1981 provides for grant of opportunity by authorities who is taking the decision of cancelling or suspending the licence, i.e. District Supply Officer grant of opportunity of hearing to petitioner to be represented through Advocate is bound to be there as petitioner himself is Appealing Authority and Revisional Authority before both the authorities District Supply Officer passed order of cancellation of licence and Licence Holder has not been given a reasonable opportunity of stating his case before District Supply Officer such action is in breach of proviso to Clause 8 of the Control Order, 1981 District Supply Officer in compliance of proviso to Clause 8 of the Control Order, 1981 directed to provide an opportunity of hearing to petitioners and take a fresh decision on the issue – petitions partly allowed.

Imp.Para: [9] [10] [11]

હાલની અપીલ લાયસન્સ રદ કરવા સામે નથી તેથી આ ચુકાદાનો લાભ એપેલન્ટને મળી શકે તેમ નથી.

(4) 2018 (0) **AIJEL–HC** 240818 **GUJARAT HIGH COURT**

Constitution of India Art. 22(5), 226 Prevention of Blackmarketing of Supply of Essential Commodities Act, 1980 S. 3(2) Essential Commodities Act, 1955 S. 6 illegal detention in jail preventive detention detention order passed is based upon the inspection which has been carried out by the officers of respondent authority authorities have not clearly come out with a satisfaction

that filing of a complaint against petitioner and suspension of license of petitioner are not sufficient enough to bring the petitioner, hence, order of detention deserves to be passed this satisfaction is completely missing – Court is mindful of the irregularities which have been reflecting in the order but then in such a situation to deal with serious lapse, the authority is not permitted to exercise the jurisdiction in such casual way especially when stringent powers of detention to be exercised hence, orders suffers from the vice of non application of mind – authority appears to have examined the relevant documents but has failed to arrive at a subjective satisfaction cogent enough to suspend the order of detention so far present petitioner is concerned, authority has not even applied its mind to issue which touching to the root of exercising powers of detention therefore, this is a sufficient circumstance on which the order of detention deserves to be quashed and set aside – impugned order quashed and set aside – petition allowed. Imp.Para: [6]

હાલની અપીલ લાયસન્સ રદ કરવા સામે નથી તેથી આ ચુકાદાનો લાભ એપેલન્ટને મળી શકે તેમ નથી.

(૯) આમ, કલેકટરશ્રીએ જે હુકમ કરેલ છે તેમાં કોઇ ગેરકાયદેસરતા કાયદાની રીતે કે હકીકતની રીતે જણાય આવતી ન હોય તેથી અપીલ મંજુર થવા પાત્ર નથી તેથી તે સંજોગોમાં કલેકટરશ્રીનો જે હુકમ અત્રે ચેલેન્જ કરેલ છે

તેને કાયમ રાખવો જોઇએ તે સંજોગોમાં મુદા નં. ૬.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૬.૨ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

(૧) વિવાદી/આરોપીની અપીલ નામંજુર કરવામાં આવે છે.

(૨) **જુનાગઢના કલેકટરશ્રીએ પુરવઠા /એન્ફો. /ઈસીએ /કેસ/૦૯–૨૦૨૫ /૨૦૨૫ ના કામમાં કરેલ હુકમ** ''હું Anil Ranavasiya, કલેક્ટર, જુનાગઢ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ ની કલમ–૬(એ) તળે અમોને મળેલ સતાની રૂઈએ "મા શકિત ટ્રેડીંગ" મુ.સુખપુર, તા.જુનાગઢ(ગ્રામ્ય) પેઢીની તા.૫/૭/૨૦૨૫ ના રોજ કરાયેલ તપાસણીમાં સીઝ કરવામાં આવેલ ભેળસેળયુક્ત પેટ્રોલિયમ પદાર્થના જથ્થા અન્વયેના તપાસણી અહેવાલ તથા પૃથકકરણ રીપોર્ટ તથા સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ ધ્યાને લઈને આ કામે નીચે મુજબ હુકમ કરુ છું.

(૧) સીઝ કરવામાં આવેલ ૨૭૦૦ લીટર ભેળસેળવાળા પેટ્રોલિમય પદાર્થના ૧૦૦% જથ્થો રાજયસાત કરવા તથા રાજયસાત કરાયેલ ભેળસેળવાળા જથ્થાનો આખરી નિકાલ થયા બાદ આનુષાંગિક સાધનો મુકત કરવા હુકમ કરુ છું.

(૨) આ હુકમથી રાજયસાત કરાયેલ ૨૭૦૦ લીટર ભેળસેળવાળા પેટ્રોલિમય પદાર્થનો સરકારશ્રીના પુરવઠા વિભાગના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ પરિપત્ર નં. ઈસીએ/૧૦૨૦૧૬/૬૦૩૨૫૪/બ તા.૨૮/૭/૨૦૨૧ તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરના પરિપત્ર નં. જીપીસીબી/પી–૩–૨૬૯/૬૨૧૭૭૪ તા.૨૭/૧/૨૦૨૨ ની જોગવાઈઓ મુજબ સામાવાળાના ખર્ચે મામલતદારશ્રી જુનાગઢ(ગ્રામ્ય)એ કરવાનો રહેશે.

(૩) આ કામના સામાવાળાઓ (૧) શ્રી રવિભાઈ પાંચાભાઈ સરવૈયા, પ્રો.શ્રી 'મા શકિત ટ્રેડીંગ', આલ્ફા સ્કુલની પાસે, મુ. સુખપુર તા.જુનાગઢ(ગ્રામ્ય) તથા (૨) શ્રી સુરેશભાઈ અશ્વિનભાઈ ગોહેલ, પ્રતિનિધિ /ફીલરમેન, 'મા શકિત ટ્રેડીંગ', આલ્ફા સ્કુકલની સામે, મુ. સુખપુર, તા. જુનાગઢ (ગ્રામ્ય) સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૩ ના ભંગ કરેલ છે. આથી તેઓ સામે કલમ–૭ હેઠળ પોલીસ ફરીયાદ દાખલ કરવા હુકમ કરવામાં આવે છે.

અત્રેના ઉકત હુકમ મુજબ તમામ સબંધિતો સામે પોલીસ ફરીયાદ દાખલ કરવા મામલતદારશ્રી, જુનાગઢ (ગ્રામ્ય) ને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમથી આ કામના સામાવાળા નારાજ હોય તો હુકમ મળ્યાની તારીખથી દિવસ–૩૦ માં જિલ્લાની નામદાર સેસન્સ કોર્ટમાં અપીલ કરી શકાશે.'' તે **હુકમ આથી કાયમ કરવામાં**

Sessions Judge
Junagadh

આવે છે.

(૩) આ હુકમની જાણ સબંધીત વિભાગને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આર. એન્ડ પી. સબંધીત વિભાગને પરત મોકલી આપવું.

હુકમ:– આજરોજ તારીખ–૧૧મી, માહે. ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૮/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

(ભુપેન્દ્રકુમાર જી. દવે)
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)

Sessions Judge
Junagadh